### મે-જૂન મહિનામાં સાયબર ક્રાઇમ લગત સારી કામગીરી કરી

# અમરેલી સાયબર ક્રાઇમ ટીમને ''સાયબર કોપ ઓફ ધ મંથ'' એવોર્ડ એનાયત

### લાખો રૂપિયા રીકવર કરવાની કામગીરી કરી બતાવી



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમ સબંધીત ગુન્હાઓ અટકાવવા તથા અનડીટેકટ ગુન્હાઓને ડીટેકટ કરી આરોપીઓને પકડી પાડવા જરૂરી સુચના આપેલ હતી. જેથી પરીણામલક્ષી કામગીરી કરવા તેમજ અનડીટેકટ ગુન્હાઓને ડીટેકટ કરી ગુન્હાહીત પ્રવૃતિ કરતા ઈસમોને પકડી પાડવા ચિરાગ દેસાઈ નાયબ પોલીસ અધિક્ષક, અમરેલી વિભાગએ જરૂરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી ટીમ દ્વારા વર્ષ–૨૦૨૬નાં મે–જુન મહીનામાં આધુનિક તકનિકનાં ઉપયોગથી સાયબર ક્રાઈમનાં ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ તથા ઓપરેશન મ્યુલ હન્ટ ગુન્હાનાં ૧૧ આરોપીઓની ધરપકડ કરી, ગુજરાત રાજયનાં અલગ અલગ જિલ્લાઓના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં ૪ વણ શોધાયેલ ગુન્હા શોધી, એનસીસીઆરપી પોર્ટલની ૪૩૨ ફરિયાદોનાં કામે એકાઉન્ટનાં રૂપિયા ૨૮,૫૬,૯૯૭ ફીઝ કરી રૂપિયા ૬,૨૦,૩૫૭ રીકવર કરવાની શ્રેષ્ઠ કરેલ હતી.

આ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય દ્વારા અમરેલીની ટીમના પીઆઈ.એલ. ખટાણા, ટીઈસીએચ. એએસઆઈ પારસભાઈ બળવંતરાય મજેઠીયા, યુએચસી હિરેનસિંહ લાલજીભાઈ ખેર, WUPC અલ્પિતાબેન રમેશકુમાર ગુણા, તથા યુપીસી નિકુલકુમાર વિનુભાઈ રાઠોડ સહીતને ''સાયબર કોપ ઓફ ધ મંથ'' નો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

### બાબરાના વોર્ડ નં. ૧માં પાલિકા દ્વારા સફાઈ ઝુંબેશથી રાહત


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરા નગરપાલિકાના વોર્ડ નંબર ૧હેઠળના જીવનપરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગંદકી અને કચરાના ઢગલાઓની સમસ્યાથી સ્થાનિક રહિશો પરેશાન હતા. આ અંગે સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી.

સ્થાનિકોની રજૂઆતને ધ્યાને લઈ વોર્ડ નંબર ૧ના નગરપાલિકા સભ્ય તથા પાલિકા ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ દ્વારા સાથી સભ્યો જગદીશભાઈ વાવડીયા, જીજ્ઞાશાબેન શકોરીયા અને ભીખુભાઈ બગડા સાથે સંકલન કરી સમગ્ર વિસ્તારમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સફાઈ કામગીરી દરમિયાન જેસીબી મશીનની મદદથી વિવિધ સ્થળોએ પડેલા કચરાના ઢગલા દૂર કરવામાં આવ્યા તેમજ સમગ્ર વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી.

લાંબા સમયથી ગંદકીની સમસ્યાથી પરેશાન સ્થાનિક રહિશોને સફાઈ કામગીરી થતાં મોટી રાહત મળી હતી. સ્થાનિકોએ સફાઈ કામગીરી બદલ નગરપાલિકાના હોદ્દેદારો અને સભ્યોનો આભાર વ્યક્ત કરી, વિસ્તારમાં નિયમિત સફાઈ જળવાઈ રહે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં

# લીલીયા મોટામાં તિરંગા યાત્રા યોજાઈ દેશ ભકિતનો માહોલ છવાયો

### મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત સૌ કોઈ જોડાયા



લીલીયા, તા. ૧૩

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં લીલીયા મોટામાં ભવ્ય તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના રંગે રંગાયેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, પોલીસકર્મીઓ, હોમગાર્ડ જવાનો, સરકારી કર્મચારીઓ, આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. તિરંગા યાત્રાનો પ્રારંભ લીલીયા મામલતદાર કચેરી ખાતેથી થયો હતો. ત્યારબાદ યાત્રા પટેલ વાડી, સરદાર સર્કલ સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ફરી મામલતદાર કચેરી ખાતે પહોંચી હતી, જયાં યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.યાત્રા દરમિયાન વંદે માતરમ અને ભારત માતા કી જય ના દેશભક્તિના નારાઓથી સમગ્ર લીલીયા શહેર ગુંજી ઉઠયું હતું. હાથમાં તિરંગો લહેરાવતા વિદ્યાર્થીઓ અને નાગરિકોના ઉત્સાહથી શહેરમાં દેશ ભક્તિમય અને રાષ્ટ્રભાવનાથી ભરપૂર વાતાવરણ સર્જાયું હતું.આ પ્રસંગે ઈન્ચાર્જ મામલતદાર ગોસાઈ, ઈન્ચાર્જ પી.આઈ વાય.એમ.જાડેજા, વિનિયમ અને વાણિજય કોલેજના પ્રિન્સિપાલ રાજેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.સિદ્ધપુરા સહિત તાલુકા પંચાયતના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડિયા, યુવા ભાજપ પ્રમુખ ધર્મેશ દેસાઈ, સરપંચ વિજય શેખલીયા, ભીખાભાઈ ધોરાજીયા, ઉદ્યોગપતિ વિનુભાઈ રામાણી, પ્રગ્નેશ રામાણી, રણજીતભાઈ ખુમાણ, પ્રતાપભાઈ ખુમાણ, કમલેશ બાપુ અગ્રાવત, પરેશ પહાડા, કિરીટ રવાણી, ભાસ્કરભાઈ પટેલ રમેશભાઈ પરમાર, શાંતિભાઈ સવસવિયા, હિતેશ પરમાર, કેપ્ટન ધામત, ભીખાભાઈ ધારૈયા, હરેશભાઈ, પ્રવીણભાઈ ચોપડા, નિલેશ ધોરાજીયા, હસમુખ પોલરા, દિલીપ ડાભી સહિત ભાજપના કાર્યકરો, સેલ મોરચાના હોદ્દેદારો સામાજિક આગેવાનો તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી તિરંગા યાત્રાને સફળ બનાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### શ્રાવણ માસના પ્રથમ દિવસે

# બાબરામાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો : શિવ ભકિતનો માહોલ

### વ્હેલી સવારથી શિવ મંદિરોમાં ભીડ ઉમટી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

શહેરમાં આવેલા શ્રી નીલકંઠ મહાદેવ, શ્રી રિદ્ધેશ્વર મહાદેવ, શ્રી પંચનાથ મહાદેવ, શ્રી સોનપરી મહાદેવ, શ્રી ભીમનાથ મહાદેવ સહિતના શિવ મંદિરોમાં ભક્રોની ભારે ભીડ જોવા મળી હતી.

શ્રદ્ધાળુઓએ ભગવાન શિવને દૂધ, જળ, બિલ્વપત્ર, પુષ્પ સહિતના પવિત્ર દ્રવ્યો અર્પણ કરી વિધિવત્ પૂજન–અર્ચન કર્યુ હતું.

શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથને પ્રસન્ન કરવા માટે ભક્તોએ શ્રદ્ધાપૂર્વક બિલ્વપત્ર અને પુષ્પ અર્પણ કરી ''હર હર મહાદેવ'' અને 'ૐ નમઃ શિવાય'ના જાપ સાથે શિવજીના દર્શન કર્યા હતા.

અનેક ભક્તોએ મંદિરોમાં અભિષેક કરી પરિવારના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. શ્રાવણ માસના પ્રથમ દિવસે જ શહેરના શિવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તિ અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ સર્જાયો હતો. મંદિરોમાં ભક્તોના ભજન–કીર્તન અને શિવનાદથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. શિવભક્તોએ શ્રદ્ધા અને આસ્થા સાથે ભગવાન ભોળાનાથના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

# સાવરકુંડલા એ.પી.એમ.સી.માં તિરંગા યાત્રા યોજાઈ



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા ખાતે સ્વાતંત્ર્યતા પર્વ નિમિતે દેશભરમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર ભક્તિના ઉત્સવના ભાગરૂપે સરકાર તરફથી તીરંગા યાત્રાનું આયોજન આપવામાં આવેલ છે. તે અન્વયે આજ રોજ સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં તીરંગા યાત્રાનો કાર્યક્રમ યોજાયો. જેમાં ચેરમેન દીપકભાઈ માલાણી અને ડિરેકટરઓ, સેક્રેટરી અને સ્ટાફગણ, વેપારી મહામંડળના પ્રમુખ અને વેપારી ગણ તેમજ માર્કેટયાર્ડ મજૂર યુનિયનના અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ દેશ ભક્તિના કાર્યક્રમમાં જોડાઈને તીરંગા યાત્રાને સફળ બનાવેલ.

# અમરેલીમાં મૂકબધિર શાળાના બાળકોને શૈક્ષણિક અને સ્પોર્ટસ કીટનું વિતરણ





અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરની મૂકબધિર શાળા ખાતે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકો માટે શૈક્ષણિક કીટ અને સ્પોટર્સ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મંત્રી કૌશિક વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા અને બાળકો સાથે ખુશીની પળો માણી હતી.

આ પ્રસંગે બાળકોને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રી તેમજ રમતગમતને પ્રોત્સાહન મળે તે માટે સ્પોટર્સ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટ મળતાં બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકો સાથે સંવાદ કરી તેમના અભ્યાસ અને રમતગમત અંગેની પ્રવૃત્તિઓ વિશે પણ જાણકારી મેળવવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું કે સમાજના જરૂરિયાતમંદ અને વંચિત વર્ગના બાળકોને શિક્ષણની સાથે રમતગમત માટે જરૂરી સાધનો અને પ્રોત્સાહન મળે તે ખૂબ જ જરૂરી છે. બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે કરવામાં આવતી નાની એવી મદદ પણ તેમના જીવનમાં મોટો બદલાવ લાવી શકે છે.

શિક્ષણ એ બાળકોના સશક્તિકરણનું સૌથી મહત્વનું માધ્યમ છે. યોગ્ય શૈક્ષણિક સાધનોસાથે રમતગમતની તકો મળવાથી બાળકોમાં આત્મવિશ્વાસ, શિસ્ત અને આગળ વધવાની ભાવના વિકસે છે.

કાર્યક્રમ દરમિયાન બાળકોના ચહેરા પર જોવા મળેલું સ્મિત અને ખુશી ઉપસ્થિત સૌ માટે આનંદની પળ બની હતી. આ પ્રકારના સેવાકીય પ્રયાસોથી જરૂરિયાતમંદ બાળકોને પ્રોત્સાહન મળ વાની સાથે સમાજમાં સંવેદનશીલતા અને સામાજિક જવાબદારીની ભાવના પણ મજબૂત બને છે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા

# ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજયકક્ષાની ઉજવણીમાં ભાગ લેવા જાહેર નિમંત્રણ

### ૧૫ ઓગષ્ટે મુખ્યમંત્રી તિરંગો ફરકાવશે

અમરેલી, તા. ૧૩

૧૫ આગસ્ટ, ૨૦૨૬ના રોજ ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજયકક્ષાની ઉજવણી અમરેલી ખાતે ભવ્ય રીતે યોજાનાર છે, જે અમરેલી જિલ્લા માટે ગૌરવની ક્ષણ છે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ધ્વજ વંદન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ પોલીસ વિભાગની વિવિધ પ્રસ્તુતિ રહેશે.

૧૫ ઓગસ્ટે સવારે ૯.૦૦ વાગ્યે પોલીસ પરેડ મેદાન ખાતે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તિરંગો ફરકાવશે.

આ અવસરે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને આ ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે, અને હાજર રહેવા માટે ગ્રાઉન્ડ ખાતે સવારે ૮ વાગ્યા સુધીમાં પોતાનું સ્થાન મેળવી લેવા વિનંતી કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજને સલામી સાથે જિલ્લા વહિવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થશે, જે અમરેલી માટે યાદગાર બની રહેશે.

સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંપ્રયાએ, ૧૪ આગસ્ટના રોજ પણ અમરેલીમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં સાંજે ૪:૩૦ થી ૫:૩૦ કલાક દરમિયાન નવી નૂતન સ્કૂલ ખાતે 'એટહોમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાજયપાલશ્રી જિલ્લાના વિશિષ્ટ નાગરિકો અને અગ્રણીઓને શુભેચ્છાઓ પાઠવશે. જેમાં મુખ્યમંત્રી પણ વિશેષરૂપે સહભાગી થશે.

આ ઉપરાંત, સાંજે ૬:૩૦ થી ૮:૩૦ દરમિયાન કમાણી ફોરવર્ડ સ્કૂલના મેદાન ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, જેમાં રાજયપાલ, મુખ્યમંત્રી, મંત્રીમંડળના સભ્યો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ અવસરે જિલ્લાસ્તરે સમાજ સેવા, કલા, સાહિત્ય સહિતના ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવશે. સાથોસાથ જિલ્લાના આશરે રૂ. ૪૦૩ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઈ–લોકાર્પણ તથા ઈ–ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે.

ધ્વજવંદન બાદ અમરેલી જિલ્લાના ઈતિહાસ અને સંસ્કૃતિ પર આધારિત વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે, જેમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

# બાબરા : શ્રી નીલકંઠ મહાદેવને ફુલોનો શણગાર કરાયો

બાબરા, તા. ૧૩

બાબરામાં અતિ પૌરાણિક સ્વંયભુ શ્રી નિલકંઠ મહાદેવને શ્રાવણ માસના પ્રથમ દિવસે ફુલોનો શણગાર કરાયો મંદિરના મહંત ભાવેશગિરી બાપુ દ્વારા મહાદેવને અનુપમ અને દિવ્ય શણગાર આવતા ભાવિકોએ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી.



# અમરેલીમાં તિરંગા રેલી તથા શસ્ત્ર પ્રદર્શન નિહાળી ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ ખુશ



અમરેલી જિલ્લામાં દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જાઈ રહ્યો છે. ૧૫ ઓગસ્ટના પાવન પર્વની ભવ્ય ઉજવણી માટે અમરેલી શહેરમાં તિરંગા રેલી તથા શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, તથા નાગરિકો જોડાઈ દેશપ્રેમ અને રાષ્ટ્રગૌરવની ભાવનાને ઉજાગર કરી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને વધુ યાદગાર અને ભવ્ય બનાવવા માટે ગજેરા કેમ્પસમાં પણ તિરંગા રેલીના આયોજનની તૈયારીઓ પૂરજોશમાં કરવામાં આવી. કેમ્પસના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા રેલીની રૂપરેખા, શિસ્તબદ્ધ સંચાલન, દેશભક્તિ ગીતો, તિરંગા તથા અન્ય જરૂરી વ્યવસ્થાઓ અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી છે. તિરંગા રેલી દરમિયાન 'ભારત માતા કી જય, 'વંદે માતરમ જેવા દેશભક્તિના નારા સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું.૧૫ ઓગસ્ટના રોજ સમગ્ર કેમ્પસ દેશભક્તિના રંગે રંગાઈ જશે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, એકતા, શિસ્ત અને દેશ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન અને રાષ્ટ્રના ગેરવને સ્મરણમાં રાખી ૧૫ ઓગસ્ટની ઉજવણીને ભવ્ય અને યાદગાર બનાવવા માટે અમરેલી શહેર તથા ગજેરા કેમ્પસમાં તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે આ આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, અને મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# અમરેલી : ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણીને લઈને ચોતરફ ઉત્સાહનો માહોલ



ભારતના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી જિલ્લાના આંગણે યોજાવા જઈ રહી છે, જેને લઈને સમગ્ર જિલ્લામાં ચોતરફ દેશભકિત, ગૌરવ અને રાષ્ટ્રીય ભાવનાનો અભૂતપૂર્વ અને અનેરો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતા પર્વની ઉજવણીને અત્યંત ભવ્ય, ગરિમાપૂર્ણ અને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આ જ શૃંખલામાં, જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારના અધ્યક્ષ સ્થાને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય કાર્યક્રમનું અંતિમ અને સફળ ફૂલ-ડ્રેસ રિહર્સલ સંપન્ન કરવામાં આવ્યું હતું. પ્રભારી સચિવએ રૂબરૂ પરેડ ગ્રાઉન્ડની મુલાકાત લઈને નાગરિકો માટેની બેઠક વ્યવસ્થા, પ્રોટોકોલ, કાયદો અને સુરક્ષા વ્યવસ્થા તેમજ કાર્યક્રમના સુચારૂ સંચાલન માટેની તમામ વહીવટી તૈયારીઓની ખૂબ જ ઝીણવટપૂર્વક અને સઘન સમીક્ષા કરી હતી તથા ઉપસ્થિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

તમામ વિભાગના અધિકારીઓએ સાથે મળીને કાર્યક્રમની એક-એક ક્ષણ અને કડીનું ગ્રાઉન્ડ લેવલ પર ખૂબ જ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું, જેથી મુખ્ય ગરિમામય રાષ્ટ્રીય મહોત્સવ દરમિયાન તમામ પ્રક્રિયા એકદમ સુમેળભરી, ચોક્કસ અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થઈ શકે અને અમરેલીની યજમાની રાજય સ્તરે ગૌરવ વધારી શકે.

આ વર્ષે આઝાદીના આ પર્વે સમગ્ર ગુજરાત દેશભકિતના અનન્ય રંગે રંગાવા જઈ રહ્યું છે, જેમાં ખાસ કરીને સશકત અને આત્મનિર્ભર નારીશકિતનો ગૌરવવંતો પરચમ ગગનમાં ગુંજતો જોવા મળશે. રાષ્ટ્રીય પર્વની મુખ્ય ઉજવણીના ભાગરૂપે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મહિલા રાયફલ ડ્રીલ સહિત રાષ્ટ્રધ્વજને સલામી આપતા કાર્યક્રમોની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે, જે ઉપસ્થિત નાગરિકોમાં દેશપ્રેમ અને ઉત્સાહનો નવો સંચાર કરશે. સમગ્ર વહીવટી તંત્રના અથાક પ્રયાસો અને રાત-દિવસની મહેનત બાદ હવે અમરેલી જિલ્લો આ ગૌરવશાળી ૮૦માં રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વના યજમાન તરીકે દેશભકિતના આ અદભુત, ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ મહોત્સવને આવકારવા માટે સજજ છે.

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના પ્રત્યેક કાર્યક્રમમાં કોઈ પણ પ્રકારની ઉણપ ન રહી જાય તે માટે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એકદમ ચોક્કસ રીયલ ટાઈમ શેડયુલ મુજબ આ આખરી રિહર્સલ યોજવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ અંતિમ રિહર્સલ દરમિયાન અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિત સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના તમામ ઉચ્ચ અને નોડલ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

હમરાજ ગાઠીયા હાઉસ
આદિત્ય
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, કિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
RIDE THE FUTURE
INDIA'S MOST FUTURISTIC 125cc


Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX


પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### પ્રતિબંધિત પદાર્થોની થશે તપાસ

# ગાંજા કાંડ બાદ ગ્રૂપના તમામ પાયલટોના ફરજિયાત સ્ક્રિનિંગનો એર ઇન્ડિયાનો આદેશ

**દિલ્હી-ફુકેત ફ્લાઇટ AI2379માં થયેલી ઘટના, જ્યાં એક પાયલટ કોકપિટના ફ્લોર પર પડેલા જોવા મળ્યા હતા અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, તે પછી આ પગલું લેવાયું**

નવી દિલ્હી, તા.૧૩

એર ઈન્ડિયાએ ગાંજા કાંડ બાદ પોતાના ગ્રૂપના તમામ પાયલોટોના ફરજિયાત સ્ક્રિનિંગનો આદેશ આપ્યો છે. નિયમો હેઠળ પ્રતિબંધિત પદાર્થો અને દવાઓની તપાસ કરવામાં આવશે. એર ઈન્ડિયાનો દાવો છે કે, ટ્રેનિંગ અને ઉડાન બાદ પાયલોટોની તપાસ થશે. ગુરુગ્રામ એકેડેમી, ફ્લાઈટ બ્રીફિંગ સેન્ટર અને બેઝ લોકેશન પર આ સ્ક્રિનિંગ હાથ ધરાશે. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, DGCAના નિયમો યુરોપ અને અમેરિકાના ધોરણો સમાન છે.

એર ઈન્ડિયાનું કહેવું છે કે, તે પહેલેથી જ DGCAના તમામ નિયમોનું પાલન કરે છે, પરંતુ હવે કંપનીએ સુરક્ષા માટે નિયમોથી એક ડગલું આગળ વધીને તમામ પાયલોટોનું સ્ક્રિનિંગ કરાવવાનો નિર્ણય લીધો છે. કંપનીએ જણાવ્યું છે કે, આ પગલાનો હેતુ મુસાફરોની સુરક્ષા અને એર ઈન્ડિયા પર લોકોનો વિશ્વાસ જાળવી રાખવાનો છે.

૪ ઑગસ્ટના રોજ દિલ્હી-ફુકેત ફ્લાઈટ નંબર AI2379માં ટર્બ્યુલન્સ(હવાનો તીવ્ર આંચકો) થયો હતો. સૂત્રોએ જણાવ્યું કે ફુકેતથી દિલ્હી પરત ફરતી વખતે વિમાન અચાનક લગભગ ૩૦૦ ફૂટ નીચે આવી ગયું હતું. આ દરમિયાન મુખ્ય પાયલોટ કોકપિટના ફ્લોર પર પડેલો હોવાની બાબત સામે આવી હતી. આ ઘટનામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો(AAIB) આ મામલે તપાસ કરી રહ્યું છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે પાયલોટે ગાંજો પીધો હતો. ક્રૂ મેમ્બરે પોતે આ અંગે ફરિયાદ કરી હતી. આ સાથે જ સૂત્રોના જણાવ્યા અનુસાર, સીટ સંબંધિત પ્રોટોકોલને લઈને પાયલોટ અને કેબિન ક્રૂના એક સભ્ય વચ્ચે બોલાચાલી થઈ હતી. ફુકેત પહોંચ્યા પછી પણ બંને વચ્ચેનો તણાવ પૂરો થયો ન હતો.

૧૧ ઑગસ્ટના રોજ એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર(CEO) કેમ્પબેલ વિલ્સને એરલાઈનના વરિષ્ઠ અધિકારીઓ સાથે નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિંહા અને અન્ય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ફ્લાઈટ AI2379ની ઘટના બાદ એરલાઈનના ત્રણ વરિષ્ઠ અધિકારીઓને બેઠક માટે બોલાવ્યા હતા.

### હરભજન સિંહે જણાવ્યું AAP છોડવાનું કારણ

# વારંવાર રજૂઆત છતાં કોઈ મારી વાત નહોતું સાંભળતું

**પૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પર ગંભીર આરોપ લગાવ્યા છે**

નવી દિલ્હી, તા.૧૩

પૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહે પંજાબના મુખ્યમંત્રી પર રમતગમતને પ્રોત્સાહન આપવામાં કોઈ રસ ન દાખવવાનો અને ક્યારેય મુલાકાતનો સમય ન આપવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે આમ આદમી પાર્ટી (AAP) છોડીને ભાજપમાં જોડાવા માટે પંજાબના મુખ્યમંત્રીને જવાબદાર ઠેરવ્યા છે. વર્ષ ૨૦૨૨માં આમ આદમી પાર્ટી તરફથી રાજ્યસભામાં ગયેલા હરભજન સિંહે અન્ય ૬ સાંસદો સાથે એપ્રિલ ૨૦૨૬માં ભાજપમાં પ્રવેશ કર્યો હતો.હરભજન સિંહે જણાવ્યું કે, જ્યારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ તેમને પાર્ટીમાં જોડાવા કહ્યું હતું, ત્યારે તેમનો મુખ્ય હેતુ રમતગમતના મુદ્દાઓને વાચા આપવાનો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ માત્ર રમતગમત પર જ વાત કરશે અને રાજકારણથી દૂર રહેશે. પંજાબ તેમજ રાષ્ટ્રીય સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપવાની તક મળી રહી હોવાથી તેઓ પાર્ટીમાં જોડાયા હતા.

ભાજપમાં જોડાવાનું ખરું કારણ આપતા તેમણે ઉમેર્યું કે, પાર્ટીમાં રજૂ કરેલા તેમના વિચારો અને વિઝનને સતત નજરઅંદાજ કરવામાં આવ્યા હતા. તેમના સૂચનો પર કોઈ ધ્યાન આપવામાં આવતું નહોતું. જો તેમના સૂચવેલા માર્ગ પર એક નાનું કદમ પણ ઉઠાવવામાં આવ્યું હોત, તો તેઓએ આજે પાર્ટી છોડી ન હોત. જે કામ માટે તેઓ જોડાયા હતા તે કામ ન થતાં આખરે કંટાળીને તેમણે આ નિર્ણય લીધો હતો.તેમના ઘર બહાર થયેલા વિરોધ પ્રદર્શન અને પૂતળા દહનની ઘટના પર તેમણે કહ્યું કે, પ્રદર્શનકારીઓ કોણ હતા અને ક્યાંથી આવ્યા હતા તે સૌ કોઈ જાણે છે. દેશની જનતા તેમને ક્રિકેટના કારણે પ્રેમ કરે છે, તેથી સામાન્ય જનતા તેમનો વિરોધ ન કરે. તેમણે સવાલ ઉઠાવ્યો કે, પંજાબની જનતા સાથે કરેલા મોટા-મોટા વાદાઓનું શું થયું? વાસ્તવિકતામાં ગદ્દાર કોણ છે?પોતાના પર લાગેલા આક્ષેપોનો જવાબ આપતા તેમણે સ્પષ્ટ કર્યું કે, કોઈના કહેવાથી તેઓ ગદ્દાર કે, ચોર બની જતા નથી. તેમનું દિલ ભારત અને પંજાબ માટે ધડકે છે અને તેમની દેશભક્તિ સાબિત કરવા માટે તેમને કોઈના પ્રમાણપત્રની જરૂર નથી. આવી બાબતોથી ધ્યાન ભટકાવ્યા વિના તેઓ પોતાનું કામ ચાલુ રાખશે.પંજાબમાં વધી રહેલા ડ્રગ્સના દૂષણ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, ડ્રગ્સ યુવાનોને બરબાદ કરી રહ્યું છે. એક સમયે પંજાબ રમતગમતમાં દેશમાં પ્રથમ ક્રમાંકે હતું. તેમણે જાલંધરની સુરજીત સિંહ હોકી અકાદમી અને સંસારપુર ગામનું ઉદાહરણ આપતા કહ્યું કે, એક નાના ગામમાંથી ૯ ખેલાડીઓ હોકી ટીમમાં રમતા હતા. પરંતુ આજે દરેક ઘર સુધી ડ્રગ્સ પહોંચી જવાથી યુવા પેઢી બરબાદ થઈ રહી છે.

### મુશ્કેલીઓ સામે હાર ન માનો : વડાપ્રધાન

# મોદીએ સંસ્કૃત શ્લોક દ્વારા આપ્યો દેશવાસીઓને પ્રેરણાદાયક સંદેશ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પ્રેરક સંસ્કૃત સુભાષિત શેર કર્યું**

નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પ્રેરક સંસ્કૃત સુભાષિત શેર કર્યું છે. આ સુભાષિત દ્વારા તેમણે દૃઢ સંકલ્પ, અથાગ મહેનત અને પુરુષાર્થનું મહત્વ સમજાવ્યું છે. તેમણે શેર કરેલા શ્લોકમાં મુશ્કેલ પરિસ્થિતિઓ સામે હાર ન માનવા અને સતત પ્રયાસ કરતા રહેવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું હતુંઃ દૈવ પુરુષકારેણ યઃ સમર્થઃ પ્રબાધિતુમ। ને દૈવેન વિપન્નાર્થઃ પુરુષઃ સોઽવસીદતિ॥ આ સંસ્કૃત શ્લોકનો અર્થ છે કે જે વ્યક્તિ પોતાના દૃઢ સંકલ્પ, અથાગ પરિશ્રમ અને પુરુષાર્થથી પ્રતિકૂળ પરિસ્થિતિઓને પણ અનુકૂળ બનાવવાની ક્ષમતા ધરાવે છે, તે જીવનમાં આવતી મુશ્કેલીઓથી ક્યારેય હાર માનતો નથી. તે સતત પ્રયાસ કરતો રહે છે અને અંતે સફળતા પ્રાપ્ત કરે છે.

આ સંદેશ દ્વારા વડાપ્રધાને સમગ્ર દેશવાસીઓને, ખાસ કરીને યુવાનોને, મુશ્કેલીઓને પડકાર તરીકે સ્વીકારીને આગળ વધવાની પ્રેરણા આપી છે. આ પહેલાં બુધવારે પણ વડાપ્રધાન મોદીએ 'ઠ' પર એક અન્ય સુભાષિત શેર કર્યું હતું. તેમાં તેમણે દેશના યુવાનોને ભારતનું ભવિષ્ય જ નહીં, પરંતુ વર્તમાનની સૌથી મોટી શક્તિ ગણાવી હતી.પીએમ મોદીએ લખ્યું હતું કે, "આપણા યુવા સાથીઓ દેશનું ભવિષ્ય જ નહીં, પરંતુ વર્તમાનની સૌથી મોટી શક્તિ પણ છે. તેમણે પોતાની સંવેદનશીલતા, સેવાભાવ અને સામર્થ્યથી સમગ્ર વિશ્વમાં અલગ ઓળખ બનાવી છે." સાથે જ તેમણે બીજો સંસ્કૃત શ્લોક પણ શેર કર્યો હતોઃ "ચક્ષુષા મનસા વાચા કર્મણા ચ ચતુર્વિધમ્ । પ્રસાદયતિ યો લોકં તં લોકોઽનુપ્રસીદતિ ।"આ શ્લોકનો અર્થ છે કે જે વ્યક્તિ પોતાની દૃષ્ટિ, વિચારો, વાણી અને કર્મો દ્વારા લોકોનું હૃદય જીતી લે છે, તે લોકોના વિશ્વાસ, સન્માન અને સદભાવનો હકદાર બને છે. વડાપ્રધાન મોદીની તાજેતરની આ સતત પોસ્ટ્સમાં સારા વિચારો, સદાચાર, મહેનત, સંકલ્પ અને સમાજ પ્રત્યેની જવાબદારી જેવા વિષયો પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમના ગુરુવારના સંસ્કૃત સુભાષિતનો મુખ્ય સંદેશ પણ સ્પષ્ટ છે કે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે નમવાને બદલે પુરુષાર્થ અને સતત પ્રયાસના બળથી આગળ વધવું જોઈએ. આ પ્રેરક સંદેશો દેશના યુવાનો અને સમગ્ર નાગરિકોમાં હિંમત અને આત્મવિશ્વાસ જગાવવાનું કામ કરી રહ્યા છે.

### એક લાખ કરોડનું ટેન્ડર જાહેર

# ભારતીય એરફોર્સને મળશે ૬૦ નવા મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ

**સંરક્ષણ મંત્રાલયે આશરે ૧ લાખ કરોડના ખર્ચે ૬૦ મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડ્યું**

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય વાયુસેનાના જૂના કાર્ગો વિમાનોને બદલવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સંરક્ષણ મંત્રાલયે આશરે રૂ.૧ લાખ કરોડના ખર્ચે ૬૦ મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ સોદાની મુખ્ય વિશેષતા એ છે કે ભારતીય કંપનીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, અને મોટાભાગના વિમાનોનું ઉત્પાદન ભારતમાં થશે. સંરક્ષણ અધિકારીઓએ સમાચાર એજન્સી છદ્મૈં ને જણાવ્યું હતું કે HAL, Tata અને Mahindra સહિત ઘણી ભારતીય કંપનીઓ આ ટેન્ડરમાં ભાગ લેશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય કંપનીઓ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

મહિન્દ્રા ડિફેન્સે બ્રાઝિલની કંપની એમ્બ્રેર સાથે ભાગીદારી કરી છે. બંને કંપનીઓ ભારતીય વાયુસેના માટે C-390 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ઓફર કરશે. ટાટાએ અમેરિકન કંપની લોકહીડ માર્ટિન સાથે પણ ભાગીદારી કરી છે. બંને કંપનીઓ C-130 એરક્રાફ્ટ ઓફર કરશે, જેનો ઉપયોગ ભારતીય વાયુસેના દ્વારા ખાસ કામગીરી માટે પહેલાથી જ કરવામાં આવે છે.

આ કાર્યક્રમ હેઠળ લગભગ ૨૦% વિમાન ભારતીય વાયુસેનાને સંપૂર્ણપણે કાર્યરત સ્થિતિમાં મળશે. દરમિયાન બાકીના વિમાનોમાંથી આશરે ૮૦% ભારતમાં બનાવવામાં આવશે. આ વિમાનો ૬૦% થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરશે. ભારતીય વાયુસેના પાસે પહેલાથી જ 12 C-130J સુપર હર્ક્યુલસ વિમાન છે. આ વિમાનો વાયુસેનાના પરિવહન કાફલાનો ભાગ છે. વધુમાં વાયુસેના ઝ-૨૯૫ પરિવહન વિમાન પર એરબસ સાથે પણ કામ કરી રહી છે. આશરે ૭૦ C-295 વિમાન વાયુસેનામાં સામેલ થવાના છે. આમાંથી મોટાભાગના વિમાનોનું ઉત્પાદન ભારતમાં કરવામાં આવશે.

વાયુસેના તેના આધુનિકીકરણ પર પણ કામ કરી રહી છે. આના ભાગ રૂપે તેણે ૧૧૪ રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડી દીધું છે. વધુમાં વાયુસેના ૧૦૦થી વધુ ટ્રેનર એરક્રાફ્ટનો સમાવેશ કરવાનું વિચારી રહી છે. આ વિમાન હાલના હોક જેટ ટ્રેનર એરક્રાફ્ટનું સ્થાન લેશે. ટ્રેનર એરક્રાફ્ટનો સમાવેશ કરવાનો એક ઉદ્દેશ્ય વાયુસેનાની પાઈલટ તાલીમ ક્ષમતા વધારવાનો છે. ભવિષ્યમાં ફાઈટર એરક્રાફ્ટ સ્ક્વોડ્રનની સંખ્યા વધારવા માટે કામ ચાલી રહ્યું હોવાથી આ જરૂરિયાત વધી રહી છે. ભારતીય વાયુસેના આ નવા મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનો ઉપયોગ ટેંકર એરક્રાફ્ટ તરીકે અન્ય એરક્રાફ્ટને હવામાં રિફ્યુઅલ કરવા માટે પણ કરી શકે છે. વધુમાં આ એરક્રાફ્ટનો ઉપયોગ સૈનિકો અને આવશ્યક પુરવઠાને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઝડપથી પરિવહન કરવા માટે થઈ શકે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ૧ જુલાઈથી અમલમાં ગણાશે મોંઘવારી ભથ્થું

# કેન્દ્ર સરકાર કર્મચારીઓ માટે DAમાં 3%નો વધારો જાહેર કરી શકે

**જો સરકાર જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે DAમાં 3% વધારો કરે છે, તો તે ૬3% સુધી પહોંચી જશે**

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર સરકાર કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA)માં ૩%નો વધારો જાહેર કરી શકે છે. આ વધારો જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે લાગુ પડે છે. ૩% DA વધારાનો અંદાજ તાજેતરના ફુગાવાના ડેટા પર આધારિત છે. આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલમાં ગણાશે. એટલે કે, કર્મચારીઓને તે તારીખથી વધેલા ઢછનો લાભ મળશે.આ DA વધારાથી ૧.૨ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે. હાલમાં, કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે DA ૬૦% છે. જો સરકાર જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે DAમાં ૩% વધારો કરે છે, તો તે ૬૩% સુધી પહોંચી જશે.કેન્દ્ર સરકાર વર્ષમાં બે વાર મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે, જેમાં વધારો ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈથી લાગુ થાય છે. આ સુધારો AICPI-IWના ૧૨ મહિનાની સરેરાશ પર આધારિત છે. જુલાઈ ૨૦૨૬ના વધારા માટે જુલાઈ ૨૦૨૫થી જૂન ૨૦૨૬ સુધીના AICPI-IW ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ, શ્રમ અને રોજગાર મંત્રાલયે અહેવાલ આપ્યો હતો કે જૂન ૨૦૨૬ માટે ઓલ ઈન્ડિયા CPI-IW 1.1 પોઈન્ટ વધીને ૧૫૧.૯ પોઈન્ટ પર પહોંચ્યો છે. વધુમાં, AICPI-IWનો ૧૨ મહિનાનો સરેરાશ ૧૪૯.૫૪ રહ્યો. આ આકડાને ૧૨ મહિનાના સરેરાશ મૂલ્ય ૭મા પગાર પંચના ફોર્મ્યુલા પર લાગુ કરવામાં આવે છે, ત્યારે મોંઘવારી ભથ્થું આશરે ૬૩.૭ ટકા થાય છે. પરિણામે, મોંઘવારી ભથ્થું ૬૩ ટકા સુધી વધવાની શક્યતા છે.જુલાઈ મહિના માટે મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની જાહેરાત સામાન્ય રીતે દિવાળીની નજીક કરવામાં આવે છે. ગયા વર્ષે પણ તહેવારના થોડા દિવસો પહેલા વધારો જાહેર કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર ઓક્ટોબર અથવા નવેમ્બરમાં જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે DA વધારાની જાહેરાત કરી શકે છે. ૨૦૨૬માં દિવાળી ૮ નવેમ્બરે આવે છે. મોંઘવારી રાહત (DR)માં ૩ ટકાના વધારાનો લાભ પેન્શનરોને પણ મળશે. સરકારે અગાઉ એપ્રિલ ૨૦૨૬માં મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કર્યો હતો, જે ૫૮ ટકાથી વધારીને ૬૦ ટકા કરવામાં આવ્યો હતો. આ વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી અમલમાં આવ્યો હતો.

### એકની અટકાયત કરવામાં આવી

# સુખબીર સિંહ બાદલ પર જીવલેણ હુમલો, નિહંગે કિરપાણથી કર્યો એટેક

**શિરોમણિ અકાલી દળના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખબીર સિંહ બાદલ પર નાંદેડ સ્થિત ગુરૂદ્વારા માતા સાહિબમાં હુમલો**

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્ર સ્થિત નાંદેડમાં શિરોમણિ અકાલી દળના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખબીર સિંહ બાદલ પર હુમલો થયો છે. બાદલ પરિવારની સાથે ત્યાં ગયા હતા. તેમના પર હુમલો નાંદેડમાં ગુરૂદ્વારા માતા સાહિબ કૌરમાં એક નિહંગે કિરપાણથી કર્યો છે.જાણકારી પ્રમાણે બાદલના હાથમાં ઈજા થઈ છે. કહેવામાં આવ્યું કે ચર્ચા વચ્ચે કિરપાણથી સુખબીર પર હુમલો કરવામાં આવ્યો. હુમલા બાદ સુખબીર સિંહ બાદલને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.હુમલામાં સુખબીર સિંહ બાદલને ડાબા હાથમાં ઈજા થઈ છે. તેમની સુરક્ષામાં તૈનાત એક પોલીસ અધિકારી પણ ઈજાગ્રસ્ત થવાની જાણકારી સામે આવી છે.આ સંદર્ભમાં નાંદેડ પોલીસે એક નિવેદનમાં કહ્યું કે પંજાબના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખબીર સિંહ બાદલ પર નાંદેડ ગુરૂદ્વારાની અંદર એક નિહંગે હુમલો કર્યો. હાથમાં ઈજા થયા બાદ સુખબીર સિંહ બાદલને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસે એક વ્યક્તિની અટકાયત કરી છે.કહેવામાં આવી રહ્યું છે કે કોઈ વાતની દલીલ દરમિયાન આરોપીએ કિરપાલથી સુખબીર સિંહ બાદલ પર હુમલો કર્યો. પરંતુ ઘટનાનું કારણ સામે આવ્યું નથી. પોલીસે હુમલા બાદ જસપાલ સિંહની અટકાયત કરી છે.પોલીસ પ્રમાણે પૂછપરછ દરમિયાન જસપાલ સિંહે જણાવ્યું કે તેણે ફક્ત એટલા માટે હુમલો કર્યો કારણ કે તેને એવું લાગ્યું હતું. પરંતુ પોલીસ આરોપીના આ નિવેદનથી સંતુષ્ટ નથી. પોલીસે હુમલા બાદ આરોપીની અટકાયત કરી છે.આ પહેલા પર સુખબીર સિંહ બાદલ પર હુમલો થઈ ચુક્યો છે. ડિસેમ્બર ૨૦૨૪મા અમૃતસર સ્થિત સુવર્ણ મંદિરમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી પર ગોળી ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના તે સમયે બની હતી, જ્યારે બાદલ અકાલ તખ્તની સજા બાદ સવર્ણ મંદિરની બહાર સેવા આપી રહ્યાં હતા. સુરક્ષાકર્મીઓએ હુમલો કરનારને પકડી લીધો અને ગોળી સુખબીર સિંહ બાદલને વાગી નહીં.

### એક્ટ્રેસને ડોકની સર્જરી કરાવી પડી

# કલાકો સુધી મોબાઈલમાં રીલ અને વીડિયો જોતા લોકો સાવધાન

**સાઉથ એક્ટ્રેસ શકીલાની સૂતા-સૂતા ફોનમાં ગેમ રમવાથી તેમની ડોકની હાલત એવી થઈ ગઈ કે સર્જરી કરાવવી પડી**

મુંબઈ, તા.૧૩

સાઉથ એક્ટ્રેસ શકીલા પર હદથી વધારે મોબાઈલનો ઉપયોગ કરવો ભારે પડ્યો છે. સૂતા-સૂતા ફોનમાં ગેમ રમવાથી તેમની ડોકની હાલત એવી થઈ ગઈ કે તેમને સર્જરી કરાવવી પડી. આપને જણાવી દઈએ કે, શકીલા તમિલ, તેલુગૂ અને મલયાલમ સહિતની ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. તેમણે ફિલ્મો સાથે સાથે રાજકારણમાં પણ કામ કર્યું છે. એક સમય હતો જ્યારે તેમણે સેમી પોર્ન ફિલ્મોમાં કામ કરીને લોકપ્રિયતા મેળવી હતી.યૂટ્યૂબ પર એક્ટ્રેસ શકીલાએ એક વ્લોગ પોસ્ટ કરી છે. જ્યાં તેમણે જણાવ્યું કે, હાલમાં જ તેમની ડોકની સર્જરી થઈ છે. ૩ લાખનો ખર્ચો પણ કર્યો. આ સેમ મોબાઈલ, ગેમ અને વીડિયો જોવાનું એડિક્શનથી થયું છે. તેની સાથે જ તેમણે તમામ વાલીઓને પણ સચેત કર્યા છે કે તેઓ પોતાના બાળકોનું ધ્યાન રાખે.વ્લોગમાં એક્ટ્રેસ ચેન્નઈની મેડવે હોસ્પિટલમાં દેખાઈ હતી. જ્યાં તેના ગળાની સર્જરી થઈ હોવાનું સ્પષ્ટ દેખાય છે. તેમણે નેક પર કોલર લગાવ્યો હતો. તેમણે પોતાના વીડિયોમાં જણાવ્યું કે, તે એક પડખે લાંબા સમય સુધી ગેમ રમતી હતી અને વીડિયો જોતી હતી. આ બધું જ આ ઓપરેશનનું મૂળ બની ગયું છે. તેમની ડોકમાં તકલીફ થવા લાગી અને પછી સર્જરી કરવી પડી. તેના વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, હું મારા બેડ પર કલાકો સુધી સૂઈને ગેમ રમતી હતી. ચાર કલાક સુધી હલતી પણ નહોતી. ખાલી ચા અથવા કોફી માટે ઉઠતી હતી. પછી પાછી આવીને ગેમ રમવા લાગતી. પછી કલાકો સુધી ઈન્સ્ટાગ્રામ-યૂટ્યૂબ પર રીલ જોતી હતી. ખોટા પોસ્ચર અને ફોન ઉપયોગ કરવો મારી ડોકની નસો પર અસર પડી અને સર્જરીનો વારો આવ્યો. સી. શકીલા ચેન્નઈની રહેવાસી છે. એક સમય હતો જ્યારે પરિવારમાં આર્થિક તકલીફના કારણે તેને સ્કૂલ છોડવી પડી અને ફિલ્મોમાં મોડલિંગમાં કામ કરવા લાગી. વર્ષ ૧૯૯૫માં તેણે સિલ્ક સ્મિતાની તમિલ ફિલ્મ પ્લેગર્લ્સ સાથે ડેબ્યૂ કર્યું. આગળ જતાં તેણે કિન્નર થુંબિકલ ફિલ્મ કરી અને તે પોપ્યુલર થઈ ગઈ. તે નાના બજેટની એડલ્ટ ફિલ્મો કરીને ફેમસ થઈ. એક સમય એવો પણ આવ્યો જ્યારે તેની ફિલ્મોને નેપાળી, ચીની અને સિંહલી ભાષામાં પણ ડબ કરવામાં આવતી હતી. એડલ્ટ ફિલ્મોની સ્ટાર રહેલી શકીલા પર ફિલ્મ પણ બની ચૂકી છે, જેમાં ઋચા ચઢ્ઢાએ લીડ રોલ પ્લે કર્યો હતો.

### તારીખોમાં થશે ફેરફાર!

# બદલાઈ જશે ભારત અને અફઘાનિસ્તાન સિરીઝનું શેડ્યૂલ

**ACBએ BCCIને વિનંતી કરી છે કે પહેલી અથવા બીજી T20 મેચ ૧૪ સપ્ટેમ્બરના રોજ ફરીથી શેડ્યૂલ કરવામાં આવે**

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ૧૨ ઓગસ્ટના રોજ અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણીનું શેડ્યૂલ જાહેર કર્યું. શેડ્યૂલ મુજબ ત્રણ મેચની T20 શ્રેણી ૧૩ સપ્ટેમ્બરથી શરૂ થવાની છે. એક અહેવાલમાં જણાવાયું છે કે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે શ્રેણીના શેડ્યૂલમાં ફેરફાર કરવા અંગે BCCIને એક વિનંતી કરી છે.

ભારત વિરુદ્ધ અફઘાનિસ્તાન ત્રણ મેચની T20 શ્રેણીની પહેલી મેચ ૧૩ સપ્ટેમ્બરના રોજ યોજાવાની છે, બીજી ૧૫ સપ્ટેમ્બરના રોજ અને છેલ્લી મેચ ૧૭ સપ્ટેમ્બરના રોજ રમાશે. ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે.

મીડિયા અહેવાલ મુજબ, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB)એ BCCIને વિનંતી કરી છે કે પહેલી અથવા બીજી T20 મેચ ૧૪ સપ્ટેમ્બરના રોજ ફરીથી શેડ્યૂલ કરવામાં આવે. નોંધનીય છે કે ગણેશ ચતુર્થીનો તહેવાર ૧૪ સપ્ટેમ્બરના રોજ આવે છે, તેથી આ દિવસે મેચનું આયોજન કરવા વિનંતી કરવામાં આવી છે.

ભારત-અફઘાનિસ્તાન સિરીઝનું વર્તમાન શેડ્યૂલ

- ૧૩ સપ્ટેમ્બર - ૧લી T20
- ૧૫ સપ્ટેમ્બર - બીજી T20
- ૧૭ સપ્ટેમ્બર - ત્રીજી T20

જો શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવે છે, તો સતત બે દિવસ મેચ રમાશે. જો કે, BCCIએ હજુ સુધી આની પુષ્ટિ કરી નથી. આ પહેલીવાર હશે જ્યારે ભારતીય ટીમ બીજા દેશની યજમાની કરી રહી છે, છતાં બધી મેચ ભારતમાં રમાશે. અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણીની પુષ્ટિએ ટીમ ઈન્ડિયાના બાંગ્લાદેશ પ્રવાસને જોખમમાં મૂક્યો છે. ટીમ ઈન્ડિયાનો બાંગ્લાદેશ પ્રવાસ ઓગસ્ટ ૨૦૨૫થી મુલતવી રાખવામાં આવી રહ્યો છે. બંને દેશો વચ્ચે વધતા રાજકીય તણાવને કારણે પ્રવાસ અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી મુલતવી રાખવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, BCBએ પ્રવાસ ફરી શરૂ કરવા અંગે BCCIનો સંપર્ક કર્યો હતો, પરંતુ BCCIએ આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. ટીમ ઈન્ડિયા આગામી મહિનાઓમાં ઘણી શ્રેણી રમવાની છે અને અફઘાનિસ્તાન સામેની શ્રેણીની પુષ્ટિથી હવે બાંગ્લાદેશ પ્રવાસ પર શંકા ઉભી થઈ છે.

### ગૃહમંત્રી પર પણ કર્યા આકરા પ્રહાર

# રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીની મિમિક્રી કરી

**કાર્યક્રમમાં સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, અમારું કામ ખૂબ સરળ છે, અમે તેમને પાગલ કરી દઈશું**

નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હીના માવલંકર હોલ ખાતે આયોજિત રચનાત્મક કોંગ્રેસ નેશનલ કન્વેન્શન દરમિયાન કોંગ્રેસ નેતાએ વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહ મંત્રી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે દેશની વર્તમાન પરિસ્થિતિ, સંસદના વાતાવરણ અને કેન્દ્ર સરકારની નીતિઓ અંગે વાત કરતા ભાજપ અને સંઘ પર આકરા આક્ષેપો કર્યા હતા.

કાર્યક્રમમાં સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, અમારું કામ ખૂબ સરળ છે, અમે તેમને પાગલ કરી દઈશું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા જણાવ્યું કે, નરેન્દ્ર મોદી રાત્રે ઊંઘી શકતા નથી, જેના કેટલાક મુખ્ય અને કેટલાક છુપાયેલા કારણો છે. આ સાથે ગૃહ મંત્રી અમિત શાહનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું કે, જેમને ચાણક્ય અને સરદાર પટેલ કહેવામાં આવતા હતા, તેઓ ક્યાં ગાયબ થઈ ગયા? તેઓ ૨૦ દિવસ સુધી સંસદ ભવનમાં પ્રવેશ પણ કરી શક્યા નહોતા, કારણ કે, તેઓ પહેલીવાર ભારતની અભિવ્યક્તિનો અહેસાસ કરી રહ્યા છે અને સમજી ગયા છે કે, હવે દેશે પોતાની વાત વ્યક્ત કરવાનું શરૂ કરી દીધું છે.

દેશના વાતાવરણ વિશે આગળ વાત કરતા તેમણે જણાવ્યું કે, આપણા દેશમાં ઘણા લોકો આ ડરપોક તાકાત સામે ડરપોક જેવું વર્તન કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, બ્રિટિશ રાજ સામે આ પ્રકારના સ્ટેન્ડને સમજી શકાય તેમ હતું, પરંતુ આ લોકો જોકરોના ટોળા જેવા છે. તેમણે આક્ષેપ કર્યો કે, આ લોકોને આપણા દર્શન કે, ઈતિહાસની કોઈ જાણકારી નથી અને જે ભારત સાથે જોડાઈ શકતો નથી, તે ભારતને સમજી શકતો નથી.

સંઘ અને ઉદ્યોગપતિઓ વિશે બોલતા તેમણે આક્ષેપ કર્યો કે, આરએસએસનો ઉપયોગ મોટા મૂડીપતિઓ દ્વારા કરવામાં આવ્યો છે.

મિસ્ટર અંબાણી અને મિસ્ટર અદાણીએ આરએસએસ પર કબ્જો કરી લીધો છે. તેમણે દાવો કર્યો કે, પહેલા જે નાના વેપારીઓ, મોચી, સોની અને વણિક સમુદાયના લોકો હતા તે આરએસએસ હતા, પરંતુ જીએસટી અને નોટબંધી દ્વારા તેમને ખતમ કરી દેવાયા. પ્રમોદ મહાજનએ આરએસએસમાં મૂડી નાખી હતી અને ત્યારબાદ તેને આગળ વધારવામાં આવી, જેના કારણે આજે સંઘ અદાણીનો નોકર બનીને રહી ગયો છે.

પોતાના સંબોધન દરમિયાન વિદેશ નીતિ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, ખબર નહીં તેમને ક્યાંથી લાગ્યું કે, ગળે લગાવી લેવું એ જ વિદેશ નીતિ છે. આ કહેતાની સાથે જ તેમણે મંચ પર જ કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિતને ગળે લગાવીને મિમિક્રી કરી બતાવી હતી. તેમણે ઉમેર્યું કે, અમે જોકરોના આ ટોળાને અમારા પર શાસન કે, આદેશ ચલાવવા દેશું નહીં. પ્રેસ કોન્ફરન્સ ન યોજવા અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, પહેલા તેમને લાગતું હતું કે, આ એક માર્કેટીંગ સ્ટ્રેટેજી છે, પરંતુ બાદમાં તેઓ સમજી ગયા કે, તેઓ સામનો કરી શકતા જ નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, કોઈએ પોતાની અભિવ્યક્તિ દબાવવી જોઈએ નહીં. તેમણે એવો દાવો પણ કર્યો કે, જે દિવસે દેશમાંથી આરએસએસની પણ અભિવ્યક્તિ ખતમ કરવાની વાત આવશે, તે દિવસે તેઓ તેમની પણ રક્ષા કરશે, કારણ કે, દરેક વ્યક્તિને પોતાના દિલની વાત કહેવાનો અધિકાર છે.

### તમે નહીં કરો તો અમે આદેશ આપીશું

# પેકેજડ ફૂડ પર વોર્નિંગ લેબલ મુદ્દે સુપ્રીમ કોર્ટે FSSAIની ઝાટકણી કાઢી

## નાગરિકોને ખાંડ, મીઠું અને ફેટનું પ્રમાણ જાણવાનો અધિકાર : કોર્ટે સરકારને ૨ અઠવાડિયામાં નિર્ણય લેવા કહ્યું

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં પેકેજડ ખાદ્ય પદાર્થોના પેકેટ પર સ્વાસ્થ્ય સંબંધિત ચેતવણી દર્શાવતા લેબલ લગાવવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ભારતીય ખાદ્ય સુરક્ષા અને FSSAIને કડક સંદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે દેશના નાગરિકોને એ જાણવાનો પૂરો અધિકાર છે કે તેઓ શું ખાઈ રહ્યા છે અને તેમના ખોરાકમાં ખાંડ, મીઠું કે સેચ્યુરેટેડ ફેટ કેટલા પ્રમાણમાં છે. સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે આ બાબત માત્ર નિયમો પૂરતી સીમિત નથી, પરંતુ કરોડો લોકોના સ્વાસ્થ્ય અને વિશેષ કરીને બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી છે. બેંચે કેન્દ્ર સરકારને છેલ્લી તક આપતાં બે અઠવાડિયાનો સમય આપ્યો છે અને ચેતવણી આપી છે કે જો કોઈ આખરી નિર્ણય લેવામાં નહીં આવે તો કોર્ટ પોતે જ આદેશ જારી કરશે.

આ મામલો પેકેજડ ફૂડના પેકેટની આગળના ભાગે ચેતવણી આપતું લેબલ લગાવવા સાથે જોડાયેલો છે. આ પ્રસ્તાવ મુજબ, જે ખાદ્ય પદાર્થોમાં ખાંડ, મીઠું કે ફેટ નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ હોય, તેના પેકેટ પર સ્પષ્ટ ચેતવણી લખવી પડશે જેથી ગ્રાહકો ખરીદતા પહેલાં પૂરી માહિતી મેળવી શકે. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે FSSAIની બેઠકમાં લેવાયેલા નિર્ણયો સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશો મુજબના નથી.

જસ્ટિસ જે.બી. પારડીવાળા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે આ મામલાની સુનાવણી કરી હતી. અદાલતે સરકાર પક્ષના વકીલને પૂછ્યું કે, સ્પષ્ટ આદેશો હોવા છતાં અત્યાર સુધી નક્કર પગલાં કેમ લેવાયા નથી.

પીઠે આકરા શબ્દોમાં કહ્યું કે, એવું લાગે છે કે મોટી કોર્પોરેટ કંપનીઓનું સરકાર પર દબાણ છે અને સરકાર તેમની સામે ઝૂકી રહી છે, કોર્ટનો હેતુ કોઈ ઉદ્યોગ કે કંપનીને નુકસાન પહોંચાડવાનો નથી, પરંતુ જનહિત અને નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાનો છે. કેન્દ્ર સરકારે પોતાની દલીલ આપતા કહ્યું કે, જો આ નવો નિયમ લાગુ કરવામાં આવશે તો નમકીન જેવી પરંપરાગત ભારતીય વાનગીઓ પણ તેની ઝપેટમાં આવી જશે અને લગભગ દરેક પેકેજડ ફૂડ પર લાલ ચેતવણીનું નિશાન લગાવવું પડશે. તેનાથી આ ક્ષેત્ર સાથે જોડાયેલા લાખો નાના વેપારીઓ (MSME)ની રોજીરોટી પર માઠી અસર પડી શકે છે. વિકસિત દેશોના ખોરાકના ધોરણો ભારત કરતાં અલગ છે, તેથી તેમને સીધા આપણા દેશમાં લાગુ કરવા યોગ્ય નથી. આ દલીલો સામે સુપ્રીમ કોર્ટે સખત વલણ અપનાવતા પૂછ્યું કે, શું ભારતે કાયમ અવિસિકિત દેશ જ રહેવું જોઈએ?આ મામલે કોર્ટે કહ્યું કે, દુનિયાને દેખાવું જોઈએ કે ભારત પોતાના નાગરિકોના સ્વાસ્થ્ય માટે ગંભીર છે. ઉત્પાદકોને આ વ્યવસ્થા પસંદ ન આવે કારણ કે તેનાથી વેચાણ પર અસર થઈ શકે છે, પરંતુ આખરી નિર્ણય ગ્રાહકનો હોવો જોઈએ.

સુનાવણી દરમિયાન ખાદ્ય ઉત્પાદકો તરફથી રજૂ થયેલા વકીલોની દલીલો પર કોર્ટે સવાલ કર્યો કે, ઉત્પાદકો આ વિષય પર આટલા બધા આકુળ-વ્યાકુળ કેમ થઈ રહ્યા છે? દેશમાં ખૂબ ઓછા લોકો રોજના ડ્રાય ફ્રૂટ્સ ખરીદી શકે છે, જ્યારે મોટાભાગના બાળકો પેકેજડ સ્નેક્સ અને જંક ફૂડ ખાય છે, તેથી તેમની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પોતાના નિર્ણયો ઓન રેકોર્ડ મુકવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. જો હવે પછીની સુનાવણી સુધી સંતોષકારક નિર્ણય નહીં લેવાય તો અદાલત પોતે જ આ અંગે અંતિમ આદેશ સંભળાવશે.

### કેરળમાં ગરબડ અને GST ચોરીની તપાસ શરુ

# મેસીના ભારત પ્રવાસ પાછળ મોટું કૌભાંડ?

## કેરળમાં મેસી અને આર્જેન્ટિના ફૂટબોલ ટીમને લાવવાના નિષ્ફળ આયોજન અંગે ગંભીર ગેરરીતિઓ સામે આવી છે

કેરલમ, તા.૧૩

લિયોનેલ મેસી અને આર્જેન્ટિના ફૂટબોલ ટીમને કેરળ લાવવાના નિષ્ફળ આયોજન અંગે અગાઉની ડાબેરી (LDF) સરકારના સમયગાળા દરમિયાન થયેલી ભારે ગેરરીતિઓ સામે આવ્યા બાદ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા તૈયાર કરાયેલા સ્પેશિયલ ઈન્ક્વાયરી રિપોર્ટના આધારે મુખ્યમંત્રી વી.ડી. સતીશને ગંભીર પ્રક્રિયાગત ક્ષતિઓ, GST ફ્રોડ અને સ્પોન્સર પસંદગીમાં અનિયમિતતાઓ હોવાની બાબતને ગંભીરતાથી નોંધવામાં આવી હોવાનું સ્પષ્ટ કર્યું છે.

સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ સેક્રેટરી એન. પ્રશાંત દ્વારા તૈયાર કરવામાં આવેલા તપાસ રિપોર્ટ અનુસાર, ખાનગી સ્પોન્સર 'રિપોર્ટર બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન'ની પસંદગી અત્યંત અપારદર્શક અને મનસ્વી રીતે કરવામાં આવી હતી.

નિયમોનું ઉલ્લંઘનઃ સ્પોન્સર પસંદ કરતી વખતે કોઈ એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ, ફંડિંગ સોર્સની ચકાસણી કે કંપનીની નાણાકીય ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું નહોતું.શંકાસ્પદ સેલ કંપનીઓઃ ઘટનાની સરકારી રજૂઆતના ગણતરીના ૨૦ દિવસ પહેલાં જ બનેલી 'GoatAd Global Limited' નામની કંપનીનું આ સમગ્ર ડીલમાં જોડાણ સામે આવ્યું છે. રિપોર્ટમાં આ બંને કંપનીઓની મિલકતો અને સંબંધો અંગે સીરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસ અને રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ દ્વારા તપાસની ભલામણ કરાઈ છે.

અગાઉની સરકાર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે મેસીની ટીમને લાવવા અંગે AFA સાથે કરાર થયો હતો, પરંતુ તપાસ રિપોર્ટમાં સણસણતો ખુલાસો થયો છેઃ

સરકારી ફાઈલમાં AFA કે લિયોનેલ મેસીની ભારત યાત્રા અંગેનો કોઈ જ કાનૂની કે આખરી કરાર હતો જ નહીં. જે દસ્તાવેજ રજૂ કરાયો હતો તે માત્ર એક પ્રોમોશનલ બ્રોશર અને કોમર્શિયલ શરતોનું પત્રક હતું. આ કાગળને ફાઈનલ કન્ફર્મેશન ગણીને આગળ વધવું સંપૂર્ણપણે ખોટું અને અસત્ય હતું. આ ઉપરાંત, ફિફા કે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનની કોઈ જ મંજૂરી મેળવવામાં આવી નહોતી.

કોચીના જવાહરલાલ નેહરુ ઈન્ટરનેશનલ સ્ટેડિયમની ફાળવણી અંગે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. કોઈપણ કાનૂની, નાણાકીય ચકાસણી કે બેંક ગેરંટી વગર આ સ્ટેડિયમ ખાનગી સ્પોન્સરને આપી દેવાયું હતું. અગાઉના મુખ્યમંત્રી પિનરાયી વિજયને સ્પોન્સર માટે રૂ. ૫ કરોડથી વધુના ભાડાં અને સિક્યોરિટી ડિપોઝિટ પણ માફ કરી દીધી હતી. મુખ્યમંત્રી વી.ડી. સતીશને જણાવ્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ આ કૌભાંડમાં મોટા પાયે જીએસટી ચોરી અને ફ્રોડ થયું છે, જેની તપાસ નાણા મંત્રાલય કરશે. આ સાથે જ 'TourProdEnter LLC' નામની વિદેશી મધ્યસ્થ સંસ્થા દ્વારા કરવામાં આવેલા ૧૫ મિલિયન ડૉલરના વિદેશી નાણાકીય વ્યવહાર અને FEMA ઉલ્લંઘન મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ઈનકમ ટેક્સ અને વિજિલન્સ વિભાગ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવાની ભલામણ રિપોર્ટમાં કરવામાં આવી છે.

### રાજ્યસભામાં હોબાળો

# ગૃહમંત્રીના જવાબ વિના જ લોકસભા અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાઈ

## NEET ગોટાળો, પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહી અને રામ મંદિર ચંદા ચોરી જેવા મુદ્દે લોકસભામાં હોબાળો થયો હતો

નવી દિલ્હી, તા.૧૩

સંસદના ચોમાસુ સત્રનો ગુરુવારે આખરી દિવસ હતો સંસદ પરિસરમાં સત્તા પક્ષ અને વિપક્ષ બંનેનું પ્રદર્શન જોવા મળ્યું હતું. સમગ્ર સત્ર દરમિયાન વિપક્ષ અને સરકાર વચ્ચે ટકરાવની સ્થિતિ રહી હતી. નીટની ગોટાળો, દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર પોલીસના એક્શન અને રામ મંદિર ચંદા ચોરી જેવા મુદ્દાઓને લઈને લોકસભાની કાર્યવાહી વારંવાર અટકી હતી. ભારે હોબાળા વચ્ચે આખરે લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

લોકસભામાં કાર્યવાહી પૂરી થતા પહેલાં આખું ગૃહ વંદે માતરમ્ ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના તમામ સાંસદો ઊભા રહ્યા હતા. વંદે માતરમ્ બાદ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ લોકસભાને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવાની જાહેરાત કરી દીધી હતી. સત્રના આખરી દિવસે પણ વિપક્ષી સાંસદોએ મકર દ્વારની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હલદ્વાનીની રેલી બાદ રામલીલા મેદાનના શુદ્ધિકરણના મુદ્દે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ પોતાના અનુસૂચિત જાતિના હોવાને મુદ્દો નથી બનાવતા, પરંતુ ભાષણ બાદ સ્ટેજનું શુદ્ધિકરણ કરીને તેમનું અપમાન કરવામાં આવ્યું છે. આ મુદ્દે ગૃહમાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. જ્યારે બીજી તરફ ગૃહ મંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે સરકાર દરેક ચર્ચા માટે તૈયાર છે પરંતુ વિપક્ષ માત્ર હોબાળો કરવા માગે છે.

લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે સ્થગિત થયા બાદ લોકસભા સ્પીકરના ચેમ્બરમાં ચા પર ફ્લોર લીડર્સની મુલાકાત યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન મોદી, અમિત શાહ અને રાજનાથ સિંહ સહિતના એનડીએના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, કોંગ્રેસ કે અન્ય વિપક્ષી દળોમાંથી કોઈ નેતા આ બેઠકમાં પહોંચ્યા ન હતા. પોલીસે કડક કાર્યવાહી વચ્ચે હાલ સમગ્ર સંસદ પરિસરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# શ્રમિક પરિવારોને સુપર સ્પેશિયાલિટી સારવાર મળશે

## આ પહેલ લાખો શ્રમિકો માટે આર્થિક રાહત અને મજબૂત આરોગ્ય સુરક્ષા કવચ બનશે વધુ ૪૫ હોસ્પિટલો સાથે MoUની પ્રક્રિયા ચાલી રહી છે

અમદાવાદ,તા.૧૩

રાજ્યના શ્રમિક પરિવારોને વધુ સારી, ગુણવત્તાસભર અને સમયસર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી શ્રમ અને રોજગાર વિભાગ તથા કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાતે (ESIC) એક નવી પહેલ કરી છે.

ESIC હેઠળ નોંધાયેલા વીમાધારક શ્રમિકો તથા તેમના આશ્રિત લાભાર્થીઓને 'ટર્સરી કેર' અને 'સુપર સ્પેશિયાલિટી' સારવાર ઉપલબ્ધ કરાવવા ૬ આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા છે.

સ્વસ્થ શ્રમિક જ મજબૂત અર્થતંત્ર અને રાષ્ટ્રનિર્માણનો આધાર છે.

જેથી, શ્રમિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી આ પહેલ લાખો શ્રમિક પરિવારો માટે મજબૂત આરોગ્ય સુરક્ષા કવચ તેમજ મોટી આર્થિક રાહતનું માધ્યમ બનશે. આ પહેલથી હવે રાજ્યમાં ESIC હેઠળ નોંધાયેલા શ્રમિકો અને તેમના પરિવારને જરૂરિયાત મુજબ સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલોમાં અમર્યાદિત ખર્ચે સારવાર ઉપલબ્ધ થશે.

આ નેટવર્કમાં રાજ્યની અગ્રણી તબીબી સંસ્થાઓ જેવી કે યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, જીએમઈઆરએસ હૉસ્પિટલ્સ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (જીસીઆરઆઈ), ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર અને એઈમ્સ રાજકોટ જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સમગ્ર ગુજરાતમાં વધુ ૪૫ હૉસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓ સાથે MoUની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે, જેના પૂર્ણ થયા બાદ ESICના લાભાર્થીઓ માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ટર્સરી કેર તથા સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા વધુ સુદ્દઢ બનશે.

શ્રીમદ રાજચંદ્ર હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, ધરમપુર, વલસાડ

શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ હૉસ્પિટલ અને સી. યુ. શાહ મેડિકલ કૉલેજ, સુરેન્દ્રનગર

શ્રી ગિરિરાજ હૉસ્પિટલ (શ્રી ગિરિરાજ લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડનું એક એકમ), રાજકોટ

ગોકુલ લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડ, રાજકોટ

એન. એમ. વિરાણી વોકહાર્ટ હૉસ્પિટલ લિમિટેડ

ડૉ. ભટ્ટ પેથોલોજી લેબોરેટરી, રાજકોટ

### રાજ્યસભામાં કહ્યું- મારું અપમાન થયું; સરકારે આપ્યો જવાબ

# રામલીલા મેદાનના શુદ્ધિકરણ મામલે ભડક્યાં મલ્લિકાર્જુન ખડગે

## ઉત્તરાખંડના હલ્દવાનીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની રેલી બાદ મંચના શુદ્ધિકરણ યજ્ઞથી રાજકારણ ગરમાયું છે

નવી દિલ્હી, તા.૧૩

ઉત્તરાખંડના હલ્દવાની સ્થિત રામલીલા મેદાનમાં ૮ ઓગસ્ટે યોજાયેલી કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની વિજય શંખનાદ રેલી બાદ શરૂ થયેલો વિવાદ હવે દેશના રાજકારણમાં ભારે ગરમાવો લાવી રહ્યો છે. ખડગેની જનસભા બાદ આ મેદાનમાં યોજાયેલા શુદ્ધિકરણ યજ્ઞને લઈને કોંગ્રેસ અને ભાજપ સામસામે આવી ગયા છે. આ મુદ્દાની ગંભીર ગૂંજ હવે સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં પણ સ્પષ્ટપણે સંભળાઈ છે.રાજ્યસભામાં આ મુદ્દો ઉઠાવતા મલ્લિકાર્જુન ખડગેએ ભારે હૈયે જણાવ્યું હતું કે, હું ક્યારેય પોતાની જાતિ કે દલિત હોવાનો મુદ્દો બનાવતો નથી, પરંતુ રેલી બાદ મંચનું શુદ્ધિકરણ કરીને મારું અને આખા સમાજનું અપમાન કરવામાં આવ્યું છે. હું હલ્દવાનીની સભામાં લાખો લોકો સામે માત્ર જનતાના પ્રશ્નો પર બોલ્યો હતો, છતાં મારા ગયા પછી હવન કરીને મંચ પવિત્ર કરવાનો પ્રયાસ કરાયો. આ મુદ્દે કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ગૃહમાં સરકાર વતી આ ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરી હતી. નડ્ડાએ સ્પષ્ટતા કરી હતી કે, ભાજપ આવી કોઈ પણ માનસિકતા કે પ્રવૃત્તિનું સમર્થન કરતું નથી અને આ ઘટના અત્યંત દુઃખદ છે. આ બાબતે યોગ્ય તપાસકરવામાં આવશે.બીજી તરફ, રાજ્યસભાના સભાપતિએ પણ આ ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરતા કહ્યું કે, આધુનિક ભારતમાં અસ્પૃશ્યતા કે સામાજિક ભેદભાવ માટે કોઈ સ્થાન નથી અને દોષિતો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.હલ્દવાનીના રામલીલા મેદાનમાં શ્રી રામ સેના ધર્માર્થ સેવા ન્યાસ નામના સ્થાનિક સંગઠન દ્વારા આ હવન-પૂજન યોજવામાં આવ્યું હતું. સંગઠનના સભ્યોનું કહેવું છે કે આ આયોજન પાછળ કોઈ જાતિ કે સમુદાયના અપમાનનો હેતુ નહોતો. પરંતુ, ખડગેના ભૂતકાળના કેટલાક કથિત સનાતન વિરોધી નિવેદનોને કારણે, જે પવિત્ર સ્થાન પર રામલીલાનું મંચન થાય છે તે મેદાનની ધાર્મિક અને સાંસ્કૃતિક પવિત્રતા જાળવવા માટે આ શુદ્ધિકરણ જરૂરી હતું.

# ભાવનગર : સમરસ બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓના ભોજનમાંથી ઈયળ અને જીવાત નીકળી

ભાવનગર,તા.૧૩

ભાવનગર શહેરની સમરસ હોસ્ટેલ ફરી એકવાર હલકી ગુણવત્તાના ભોજનના કારણે ભારે વિવાદમાં સપડાઈ છે.થોડા સમય પહેલાં ગર્લ્સ હોસ્ટેલના ભોજનમાંથી જીવાત નીકળવાની ઘટના હજુ તાજી જ છે ત્યાં જ આજે બોયઝ હોસ્ટેલમાં પીરસવામાં આવેલા ભોજનમાંથી ઈયળ અને જીવાત નીકળતા વિદ્યાર્થીઓનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓએ હોસ્ટેલ પરિસરમાં જ ભારે હોબાળો મચાવીને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. આજે બપોરના સુમારે સમરસ બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ જ્યારે જમવા માટે બેઠા ત્યારે તેમના ભોજનમાંથી ઈયળ અને અન્ય જીવાતો તરતી જોવા મળી હતી.

વારંવાર નબળી અને અસ્વચ્છ ગુણવત્તાનું ભોજન પીરસવામાં આવતું હોવાથી કંટાળેલા વિદ્યાર્થીઓનો રોષ ફાટ્યો હતો.ગર્લ્સ હોસ્ટેલ બાદ હવે બોયઝ હોસ્ટેલમાં પણ આવી જ લાપરવાહી સામે આવતાં સમરસ હોસ્ટેલના મેસ કોન્ટ્રાક્ટર અને તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.હોબાળા બાદ સમરસ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ એકત્ર થઈને હોસ્ટેલ પરિસરમાં જ ધરણા પર બેસી ગયા હતાં. સ્થાનિક અધિકારીઓ અને હોસ્ટેલ તંત્રના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને સમજાવવાના પ્રયાસો કર્યા હતા પરંતુ આક્રોશિત વિદ્યાર્થીઓ પોતાની માંગ પર અડગ રહીને એક ના બે નહોતા થયા.વિદ્યાર્થીઓની સ્પષ્ટ અને એક જ માગ હતી કે જ્યાં સુધી જિલ્લા કલેક્ટર રૂબરૂ સ્થળ પર આવીને કાયમી નિકાલની ખાતરી નહીં આપે, ત્યાં સુધી તેમનું આ ધરણા પ્રદર્શન અને વિરોધ અવિરતપણે ચાલુ રહેશે.

### ઘરમાં પત્તા રમતા લોકો માટે રાહતના સમાચાર

# ઘરમાં પત્તા રમવા ગુનો નથી, જ્યાં સુધી તેમાં 'નફાનું તત્ત્વ' સાબિત ન થાય

## પોતાના ઘરે કે અંગત જગ્યાએ નફાના હેતુ વગર પત્તા રમવા એ ગુજરાત પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનતો નથી : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે ઘરની અંદર નફાના હેતુ વગર પૈસાથી પત્તા રમવા એ ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનતો નથી. વર્ષ ૨૦૨૧માં પોલીસે અમદાવાદના એક મકાનમાં રેડ પાડીને પત્તા રમતા કેટલાક લોકો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી FIR દાખલ કરી હતી. જોકે, આ કેસમાં અરજદારે હાઈકોર્ટના દ્વાર ખટખટાવીને રજૂઆત કરી હતી કે સંબંધિત મકાન કોઈ જુગારનો અડ્ડો નથી અને તેઓ કોઈ આર્થિક નફો મેળવવાના ઈરાદાથી રમી રહ્યા નહોતા. અરજદારની આ દલીલોને ગ્રાહ્ય રાખીને ગુજરાત હાઈકોર્ટે અમદાવાદના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી તે FIRને રદ કરવાનો હુકમ કર્યો છે.

વર્ષ ૨૦૨૧માં અમદાવાદના એક પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે એક ખાનગી મકાન પર દરોડો પાડીને કેટલાક લોકોને પૈસાથી પત્તા રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે આ લોકો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી સામે ભોગ બનનાર વ્યક્તિએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી.

અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે જે મકાનમાં રમત રમાઈ રહી હતી તે કોઈ 'જુગારનો અડ્ડો' નહોતો. એક રમતમાં ભાગ રૂપે લોકો ભેગા થયા હતા, ત્યાં કોઈ ભાગ લેનારા લોકો કોઈ વ્યવસાયિક હેતુ કે નફો કમાવવાના આશયથી એકઠા થયા નહોતા. માત્ર મિત્રો કે પરિચિતો વચ્ચે રમાતી રમતને કાયદાકીય રીતે જુગારનો ગુનો ગણી શકાય નહીં. આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કાયદાકીય જોગવાઈઓ અને રજૂ કરાયેલા તથ્યોને ધ્યાને લીધા હતા.

હાઈકોર્ટે નોંધ્યું કે ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનવા માટે તે જગ્યા 'જુગારનો અડ્ડો' હોવી અથવા ત્યાંથી ચાર્જ કે નફો વસૂલવામાં આવતો હોવો જરૂરી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, કોઈ પણ વ્યક્તિ પોતાના ઘરે નફા કે કમાણીના હેતુ વિના પોતાના મનોરંજન માટે પત્તા રમતી હોય, તો તેને જુગાર ધારા હેઠળ ગુનો માની શકાય નહીં. આ અવલોકન સાથે હાઈકોર્ટે અમદાવાદમાં નોંધાયેલી FIR રદ કરવાનો હુકમ કર્યો હતો.

# ધાર્મિક તહેવારોમાં લાઈટો બંધ ન રહેવી જોઈએઃ અધિકારીઓને તાકીદ

## ફરિયાદ આવ્યા વગર જ તમામ સ્ટ્રીટલાઈટો પૂર્વવત ચાલુ રહે તે માટે અગાઉથી જ જરૂરી વ્યવસ્થા ગોઠવી દેવા માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ શહેરમાં વિવિધ વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની નાગરિકોની ફરિયાદો સતત સામે આવી રહી છે. રસ્તાઓ પર અંધારપટ છવાઈ જવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બંધ સ્ટ્રીટલાઈટોના મુદ્દાને ગંભીરતાથી લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મટિરિયલ કમિટીના ચેરમેને તંત્રના જવાબદાર અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા કડક સૂચનાઓ આપી હતી.આગામી ધાર્મિક તહેવારોને ધ્યાનમાં રાખીને મટિરિયલ કમિટીના ચેરમેને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે તહેવારો દરમિયાન શહેરમાં ક્યાંય પણ લાઈટો બંધ હોવાની ફરિયાદ મળવી જોઈએ નહીં. તેમણે અધિકારીઓને ટાંકતા જણાવ્યું હતું કે, "કોઈ નાગરિક ફરિયાદ કરે અને પછી લાઈટો ચાલુ કરીએ એવું વલણ ચલાવી લેવાશે નહીં." ફરિયાદ આવ્યા વગર જ તમામ સ્ટ્રીટલાઈટો પૂર્વવત ચાલુ રહે તે માટે અગાઉથી જ જરૂરી વ્યવસ્થા ગોઠવી દેવા માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.શહેરમાં કોઈ પણ સ્થળે લાઈટો બંધ ન રહે તે સુનિશ્ચિત કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને ટેકનિકલ કર્મચારીઓને ૨૪ કલાક (રાઉન્ડ ધ ક્લોક) સતર્ક રહીને કામગીરી કરવાના સૂચનો આપવામાં આવ્યા છે. લાઈટ બંધ થવાના કિસ્સામાં ત્વરિત રિપેરિંગ થાય અને નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે તંત્રને રાઉન્ડ ધ ક્લોક એલર્ટ મોડ પર રાખવામાં આવ્યુંછે.

### સુરતીઓમાં શિવભક્તિનો માહોલ જામવા લાગ્યો

# શ્રાવણમાં ધાર્મિક પ્રવાસોનો ધમધમાટ, ટ્રાવેલ્સના ધંધામાં રોટેશન શરૂ થશે

## સુરતીઓ બાર મહાદેવ, ડાકોર, અંબાજી, શિરડી અને મહારાષ્ટ્રના ૫ જ્યોતિર્લિંગના દર્શને જઈ રહ્યા છે

સુરત,તા.૧૩

શ્રાવણ માસની શરૂઆત સાથે સુરતીઓમાં શિવભક્તિનો માહોલ જામવા લાગ્યો છે અને તેની સાથે ધાર્મિક પ્રવાસોના કારણે ટ્રાવેલ્સના ધંધામાં પણ રોટેશન વધવાની આશા છે. શ્રાવણ દરમિયાન સોમવાર ઉપરાંત હવે રવિવારે પણ બાર મહાદેવના દર્શન માટે સુરતીઓ મોટી સંખ્યામાં નીકળી રહ્યા છે. માત્ર દક્ષિણ ગુજરાતના બાર મહાદેવ પૂરતું જ નહીં, પરંતુ ડાકોર, અંબાજી, શિરડી, નાસિક સહિતના ધાર્મિક સ્થળો તેમજ મહારાષ્ટ્રના પાંચ જ્યોતિર્લિંગના પ્રવાસોનું પણ બુકિંગ શરૂ થઈ ગયું છે. એકથી પાંચ દિવસના ધાર્મિક પ્રવાસોનો વધતો ટ્રેન્ડ નાની-મોટી ટ્રાવેલ્સ ગાડીઓ ચલાવતા ધંધાર્થીઓ માટે રોજગારીનું નવું માધ્યમ બની રહ્યો છે. શ્રદ્ધાળુઓ માટે શ્રાવણ પુણ્ય કમાવવાનો મહિનો છે તો ટ્રાવેલ્સ સંચાલકો માટે ધંધામાં તેજી અને રોજગારીનું ચક્ર ફરવાનો મહિનો બની રહ્યો છે.હિન્દુ ધર્મમાં શ્રાવણ માસને પવિત્ર માનવામાં આવે છે. આ સમગ્ર મહિના દરમિયાન શિવપૂજા અને દર્શનનું વિશેષ મહત્વ હોવાથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં શ્રદ્ધાળુઓ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાનું પસંદ કરે છે. અગાઉ મોટાભાગે સોમવારે જ બાર મહાદેવના દર્શન માટે ટૂરોનું આયોજન થતું હતું, પરંતુ નોકરી-ધંધા સાથે સંકળાયેલા લોકો માટે હવે રવિવાર અને સપ્તાહાંત પણ ધાર્મિક પ્રવાસ માટે અનુકૂળ બની રહ્યા છે. પરિણામે કેટલાક ટ્રાવેલ્સ સંચાલકો અઠવાડિયામાં બે-ત્રણ વખત બાર મહાદેવના પ્રવાસનું આયોજન કરી રહ્યા છે.ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા શ્રદ્ધાળુઓની જરૂરિયાત મુજબ એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ અને પાંચ દિવસના વિવિધ ધાર્મિક પ્રવાસોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સુરતથી ડાકોર, અંબાજી, શિરડી, નાસિક સહિતના સ્થળોને આવરી લેતા પ્રવાસો ઉપરાંત અન્ય ધાર્મિક સ્થળોના પેકેજ પણ તૈયાર કરવામાં આવ્યા છે. પરિવાર સાથે ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાની ઈચ્છા ધરાવતા લોકો આવા તૈયાર પ્રવાસોને પસંદ કરી રહ્યા છે. ગત શ્રાવણથી શરૂ થયેલો મહારાષ્ટ્રના ૫ જ્યોતિર્લિંગના દર્શનનો ટ્રેન્ડ આ વર્ષે પણ જોવા મળી રહ્યો છે. શ્રાવણ શરૂ થાય તે પહેલાં જ કેટલાક ટ્રાવેલ્સ સંચાલકોએ આ પ્રવાસોનું બુકિંગ શરૂ કરી દીધું હતું. આ પ્રવાસમાં ઘૃષ્ણેશ્વર, પરલી વૈદ્યનાથ, ઔંઢા નાગનાથ, ભીમાશંકર અને ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગને આવરી લેવામાં આવે છે. સાથે નાસિક, શિરડી અને શનિદેવ જેવા ધાર્મિક સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવે છે. ધાર્મિક પ્રવાસોમાં માત્ર શિવમંદિરો જ નહીં, પરંતુ કચ્છના કબરાઉ, અંજાર, પીપળી સહિતના સ્થળો માટે પણ પ્રવાસોનું આયોજન થઈ રહ્યું છે. બીજી તરફ કેટલાક ટ્રાવેલ્સ સંચાલકો પુણે નજીક આવેલા અષ્ટવિનાયકના દર્શન માટે પણ ખાસ પ્રવાસ ગોઠવી રહ્યા છે. આમ શ્રાવણ દરમિયાન અલગ-અલગ સમયગાળાના અને અલગ-અલગ ધાર્મિક સ્થળોને આવરી લેતા પ્રવાસોની વિવિધતા જોવા મળી રહી છે.ટ્રાવેલ્સના ધંધાર્થીઓના જણાવ્યા મુજબ, શ્રાવણ દરમિયાન ધાર્મિક પ્રવાસોની માગ વધવાથી ખાસ કરીને નાની ટ્રાવેલ્સ ગાડીઓ ધરાવતા સંચાલકોને ફાયદો થાય છે. મોટી ટૂર કંપનીઓની સરખામણીએ સ્થાનિક સંચાલકો પરિવાર અને નાના જૂથ માટે તેમની જરૂરિયાત મુજબ પ્રવાસ ગોઠવી આપે છે. જેના કારણે શ્રાવણ માસ તેમના માટે ધંધામાં રોટેશન વધારતો સમય બની રહ્યો છે.

શ્રદ્ધાળુઓ માટે શ્રાવણ મહિનો પુણ્ય અને ભક્તિનો સમય છે, ત્યારે ટ્રાવેલ્સ સાથે સંકળાયેલા લોકો માટે આ મહિનો રોજગારીની નવી તકો લઈને આવ્યો છે. શિવભક્તિ સાથે ધાર્મિક પ્રવાસોનો વધતો ટ્રેન્ડ આ વર્ષે પણ ટ્રાવેલ્સના ધંધાને ગતિ આપશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

શ્રાવણ માસમાં આ મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર આવે છે

કંતારેશ્વર મહાદેવ, સુરત,
ગળતેશ્વર મહાદેવ- કામરેજ
ઋઉ મુક્તેશ્વર મહાદેવ - એના
કનકેશ્વર મહાદેવ - કણાવ
કેદારેશ્વર મહાદેવ- બારડોલી
શુકલેશ્વર મહાદેવ- અનાવલ
ભાવ ભાવેશ્વર મંદિર- બરુમાળ
તડકેશ્વર મહાદેવ- વલસાડ
મલ્લિકાર્જુન મહાદેવ - ચીખલી
સોમનાથ મહાદેવ - મહાદેવ
અંધેશ્વર મહાદેવ - અનાવલ
ગંગેશ્વર મહાદેવ - કછોલી
કામેશ્વર મહાદેવ - ગડત
કંતારેશ્વર મહાદેવ- સુરત
સિધ્ધનાથ મહાદેવ મંદિર સરસ, ઓલપાડ

# અમરેલીમાં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ દીવાલો બની આકર્ષણનું કેન્દ્ર





અમરેલી શહેરમાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને શહેરને શણગારવામાં આવી રહ્યું છે. સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ શહેરની વિવિધ દીવાલો પર અદભુત અને આકર્ષક પેઈન્ટિંગ કરવામાં આવતાં સમગ્ર શહેરનું રૂપ બદલાઈ ગયું છે. રંગબેરંગી ચિત્રો અને દેશભક્તિની ભાવના દર્શાવતી કલાત્મક કૃતિઓ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. અમરેલી શહેરમાં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી યોજાવાની હોવાથી તંત્ર દ્વારા શહેરને સુંદર બનાવવા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. રસ્તાઓની આસપાસ આવેલી દીવાલો પર વિવિધ થીમ આધારિત પેઈન્ટિંગ કરવામાં આવ્યા છે. કયાંક દેશભકિત, રાષ્ટ્રધ્વજ અને મહાનુભાવોના સંદેશાઓ જોવા મળે છે તો કયાંક ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા અને ઐતિહાસિક વારસાની ઝલક રજૂ કરવામાં આવી છે. દીવાલો પર કરવામાં આવેલી આ સુંદર ચિત્રકામથી શહેરનાં મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો વધુ આકર્ષક બન્યા છે. પસાર થતા નાગરિકો અને મુલાકાતીઓ પણ આ પેઈન્ટિંગને નિહાળી રહ્યા છે અને તેની તસવીરો પોતાના મોબાઈલમાં કેદ કરી રહ્યા છે. આ રંગીન અને સર્જનાત્મક પેઈન્ટિંગ માત્ર શહેરની સુંદરતામાં વધારો કરતું નથી, પરંતુ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં દેશભક્તિનો રંગ પણ ઉમેરે છે. અમરેલી શહેર જાણે તિરંગાના રંગો અને કલાત્મક સર્જનોથી સજજ થઈને ભવ્ય રાષ્ટ્રીય પર્વના સ્વાગત માટે તૈયાર થઈ ગયું છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં ૩૦૦ મીટરનાં વિશાળ તિરંગા સાથે

દેશભકિત, રાષ્ટ્ર એકતા અને રાષ્ટ્રપ્રેમનો અનોખો સંદેશ પ્રસરાવ્યો હતો.

આ યાત્રામાં જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબહેન ચોડવડીયા, સાવરકુંડલા– લીલીયા મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબહેન માંગરોળિયા, અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમાર, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, અગ્રણી અતુલ કાનાણી, નગરપાલિકાના સભ્યો, અધિકારી, વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી, બાબરા પંથકમાં ધીમીગતીએ

પણ વરસાદ વરસી રહ્યો છે. લાંબા વિરામ બાદ સમયસર વરસાદનું આગમન થતાં ખેતરોમાં ઉભેલા ખરીફ પાકને જીવતદાન મળ્યું છે.

ખાસ કરીને સિંગ (મગફળી), કપાસ, સોયાબીન સહિતના પાક માટે આ વરસાદ ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. હાલ પાકને પાણીની જરૂરિયાત હોય તેવા સમયે વરસાદ પડતાં ખેડૂતોમાં રાહત સાથે સારી ઉપજની આશા પણ જાગી છે.

બાબરા પંથકમાં વરસાદી માહોલ છવાતા ઠંડક પ્રસરી ગઈ છે અને ખેડૂતો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીયનો દેશભક્તિનાં રંગે રંગાયા

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજયમંત્રી મંડળના મંત્રીઓ વિવિધ વિભાગોના સચિવઓ અધિકારીઓ, પદાધિકારીઓ સહિત સૌની ગરિમામય ઉપસ્થિતિ વચ્ચે યોજાનારા રાજયકક્ષાના કાર્યક્રમોને લઈને સ્થાનિક ટીમ છેલ્લા કેટલાક દિવસોથી પુરૂષાર્થ કરી રહી છે જેને આવકારી લોકો પણ આ ઉત્સાહમાં જોડાયા છે.

અમરેલીમાં રાજયકક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણીના ઉપલક્ષમાં તા.૧૪મી ઓગષ્ટ સાંજે ૬ કલાકથી ફોરવર્ડ સ્કૂલના ગ્રાઉન્ડમાં અમરેલીની ગાથા રજૂ કરતો ભવ્ય મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૦થી વધુ કલાકારો દ્વારા પ્રસ્તુત થવાનો છે જેને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં શહેર– જિલ્લાના નાગરિકોને જોડાવા વહીવટી તંત્રએ આમંત્રણ આપ્યું છે. એ જ રીતે તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૯ કલાકથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ધ્વજ વંદન અને અન્ય ગરીમામય કાર્યક્રમો ઉપરાંત સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત થવાની છે. આ કાર્યક્રમમાં પણ શહેર જિલ્લાના નાગરિકોને સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ચલાલામાં મારી નાખવાનાં ઈરાદે

ટુવ્હીલર એકટીવા સાથે ભટકાવીને માથે ચડાવીને ખેડૂતને ઈજા કરી બાદમાં આરોપીએ ગાડીમાંથી નીચે ઉતરીને, ગાડીમાંથી લોખંડનો પાઈપ કાઢીને ખેડૂતને મારી નાખવાનો પ્રયાસ કરીને, ધર્મેન્દ્રભાઈની જમીન ભુલી જા જે નહીતર રૂપિયા ૧૦ લાખ આપી દે તેમ કહી ખંડણી માંગીને, ખેડૂતને ગાળો આપી જાનથી મારી નાખવા ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ધારી તાલુકાના ચલાલા ગામે દાનેવ સોસાયટીમાં રહેતા સૂર્યવિરભાઈ દિલુભાઈ વાળા નામના ખેડુતની ખેતી લાયક વાડી કરેણ ગામમાં આવેલ હોય. જે વાડીની બાજુમાં ગોંડલ ગામે રહેતા આરોપી ધમેન્દ્ર મનસુખભાઈ ગજેરાની વાડી આવેલ હોય. જે બાબતે આરોપીએ ખેડૂતને જમીનમાં વાવેતર નહિ કરવા તથા ટ્રેકટર નહિ ચલાવવા બાબતેની ગર્ભિત ધમકી આપેલ હતી. જે બાબતે ખેડૂત ગત તા.૧૨ ના રોજ બપોરે ૧:૪૫ વાગ્યે ચલાલા પોલીસ સ્ટેશને રજુઆત કરવા આવેલ હતા. ત્યારે આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી ધારી તાલુકાના મીઠાપુર (ડુંગરી) ગામે રહેતા આરોપી ઉપેન્દ્રભાઈ વલકુભાઈ વાળાએ સફેદ ફોરવ્હીલ ગાડી પુરઝડપે અને બેફામ રીતે ચલાવીને ખેડૂતને મારી નાખવા ઈરાદે, ખેડૂતની ટુવ્હીલર એકટીવા સાથે ભટકાવીને, માથે ચડાવીને, ખેડૂતને ડાબા પગના પોચા ઉપર ઈજા પહોંચાડીને બાદમાં તે આરોપીએ ગાડીમાંથી નીચે ઉતરીને, ગાડીમાંથી લોખંડનો પાઈપ કાઢીને ખેડૂતને મારી નાખવાનો પ્રયાસ કરીને, ધર્મેન્દ્રભાઈની જમીન ભુલી જા જે નહીતર રૂપિયા ૧૦ લાખ આપી દે તેમ કહી ખંડણી માંગીને, ખેડૂતને ગાળો આપી, જાનથી મારી નાખવા ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં

માહોલ સર્જાયો હતો. વાતાવરણમાં આવેલા આ અચાનક પલટાને કારણે સ્થાનિકોને અસહ્ય ગરમી અને બફારામાંથી મુક્તિ મળી છે.

બાબરા પંથકમાં વરસાદી માહોલ જામ્યા બાદ સાવરકુંડલા પંથકમાં પણ મેઘરાજાની પધરામણી થઈ છે.

સાવરકુંડલા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેવા કે ચરખડિયા અને ઓળિયા સહિતના ક્ષેત્રોમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. આંકડાકીય રીતે જોરદાર ધમધોકાર વરસાદ ન હોવા છતાં, સતત વરસી રહેલા આ ધીમા વરસાદથી સમગ્ર વિસ્તારમાં શીતળતા પ્રસરી ગઈ છે.


સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પડી રહેલો આ ધીમીધારનો વરસાદ ખેતી માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે.

ખાસ કરીને પંથકના મુખ્ય પાક એવા કપાસ અને મગફળી માટે આ વરસાદ 'અમૃત' સમાન ગણાઈ રહ્યો છે. ધીમા વરસાદને કારણે પાણી જમીનમાં ઉતરી રહ્યું હોવાથી પાકને નવું જીવન મળ્યું છે, જેનાથી સ્થાનિક ખેડૂતોમાં આનંદની લહેર ફરી વળી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

''એ.આર. રહેમાન દિલ સે'' શિર્ષક અંતર્ગત
## અમરેલીમાં સપ્તક ફેમિલી મ્યુઝીકલ કલબ દ્વારા સંગીતમય કાર્યક્રમ યોજાયો

### સુપ્રસિધ્ધ કલાકારોએ સંગીતપ્રેમીઓને ખુશ કરી દીધા




અમરેલી, તા. ૧૩

સપ્તક ફેમિલી મ્યુઝિકલ ક્લબ અમરેલી દ્વારા ગઈકાલે રાત્રે અમરેલી ખાતે દિલીપ સંઘાણી ટાઉનહોલમાં એક ભવ્ય કાર્યક્રમ "એ. આર. રહેમાન દિલ સે" યોજાઈ ગયેલ હતો પુનાના પ્રખ્યાત ડાયરેકટર મિલિન્દ ઓક દ્વારા ૧૨ ખ્યાતનામ કલાકારો દ્વારા એ.આર. રહેમાનના ગીતો ઉપર પર્ફોર્મનસ સાથે પોતાની કલા રજૂ કરેલ હતી અને અમરેલીના સપ્તક પરિવારના મેમ્બર્સના દિલ જીતી લીધેલ હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે સોની જમનાદાસ મૂળજીભાઈ બાબરા વાળાએ મેઈન સ્પોન્સર શિપ આપી સહકાર આપેલ હતો ઉપરાંત સહ સ્પોન્સરમાં દિનેશભાઈ ભુવા શીતલ આઈસ્કીમ અમરેલી, પલ્સ હોસ્પિટલ રાજકોટ સૌકતભાઈ ગાંગાણી, ડોકટર સ્નેહલભાઈ પંડયા ચિરંજીવી હોસ્પિટલ ઓમકાર એકસેલ પ્લોટીંગ જીતેશભાઈ કાબરીયા, ફોરેન એજયુકેશનના લોન માટે ઓમ કન્સલ્ટેસી સુરત જાણીતા ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી, ધવલભાઈ ઠાકર સ્માર્ટ લર્નિંગ સિસ્ટમ ડોકટર રાઠોડ તેમજ ડોકટર ડી.એમ. ઉનડકટનો સહયોગ મળેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડોકટર ચંદ્રેશ ખૂંટે જહેમત ઉઠાવેલ હતી સપ્તક ફેમિલી મ્યુઝિકલ કલબ પ્રમુખ આશા દવેની યાદીમાં જણવાયુ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરામાં કારખાનામાં કામ કરતાં

એકત્ર કરી આસપાસનાં લોકોની પૂછપરછ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હત્યાની આ ઘટનાને પગલે બાબરા શહેર અને ભાવનગર હાઈવે વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસની તપાસ પૂર્ણ થયા બાદ હત્યા પાછળનું કારણ અને આરોપી અંગે વધુ હકીકતો સામે આવવાની શકયતા છે.

## જાહેર નોટિસ

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૫૨/૨૦૨૬
તા.૨૮/૦૭/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) સોજીત્રા ચંપાબેન રવજીભાઈ
રહે.મહુવા રોડ, સાવરકુંડલા

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** જન્મ–મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી, સા.કુંડલા,તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી સોજીત્રા હંસાબેન રવજીભાઈનો જન્મ તા.૦૫/૧૦/૧૯૭૬ના રોજ મુ.તા.સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ.પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

## જાહેર નોટિસ

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૪૭/૨૦૨૬
તા.૨૮/૦૭/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) ડોબરીયા પોપટભાઈ નાગજીભાઈ
રહે.નેસડી (સા.કુંડલા), તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી, નેસડી. તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી ડોબરીયા સુનિતાબેન પોપટભાઈનો જન્મ તા. ૧૩/૦૨/૧૯૭૮ના રોજ મુ. નેસડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

## જાહેર નોટિસ

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૫૩/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) સોજીત્રા કૈલાસબેનં શંભુભાઈ W/o ધનશ્યામભાઈ મુજપરા તા.૨૮/૦૭/૨૦૨૬
રહે.કૃષ્ણગઢ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** જન્મ–મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી, સા.કુંડલા,તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **સોજીત્રા કૈલાસબેન શંભુભાઈનો જન્મ તા.૦/૦/૧૯૭૮ના રોજ મુ.તા.સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ.પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

## એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૭૫/૨૦૨૬

**અરજદાર :** શ્રી દિલીપભાઈ બટુકભાઈ સોલંકી
સરનામું : રહે. છગનભાઈ કાનાણી વાડી, વાંકીયા, તા.જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.વાંકીયા તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી **દિલીપભાઈ બટુકભાઈ સોલંકી** તેઓના પુત્રી **જયા દિલીપભાઈ સોલંકી** ની **જન્મ (તા.૧૧/૧૦/૨૦૧૫)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૮–૦૭–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્ય**

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ વેલકમ ડે ઉજવાયો







અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી– મોંઘીબા મહિલા આટર્સ કોલેજ, અમરેલીમાં તા. ૪/૮/૨૦૨૬નાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓને આવકારવા અને સત્કારવા વેલકમ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાં તથા દીપ પ્રાગટયથી થઈ હતી. ત્યારબાદ કોલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ તેમજ પ્રાસંગિક ઉદબોધનમાં સ્ટાફ તથા સંસ્થાનો પરિચય આપી સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વાત કરી હતી. આ કાર્યક્રમમાં આ કોલેજનાં નિવૃત્ત ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને હિન્દી વિભાગનાં પૂર્વ અધ્યક્ષ ડો. ગિરીશભાઈ વેલિયત ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું. તેઓએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થિનીઓને અભ્યાસ ઉપરાંત સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો હતો તથા વિદ્યાર્થિનીઓને ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડો. એમ.જે. પટોળિયા તથા ડો. અરવિંદકુમાર ઉપાધ્યાયે પ્રાસંગિક ઉદબોધન દ્વારા આ કાલેજની આગવી પરંપરાની પ્રેરક વાતો કરી પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓને શુભાશિષ પાઠવ્યા હતા. હેલેયા વૈશાલીએ એસ.વાય.અને ટી.વાય.ના સિનિયર વિદ્યાર્થિનીઓ વતી પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓ માટે સ્વાગત સ્પીચ આપી હતી. કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા પ્રા. ડો. નિરૂપાબેન ટાંક તથા વિદ્યાર્થિની વાઘેલા ઉર્મિલા દ્વારા અને આભાર દર્શન સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સ્ટાફ મિત્રોએ તથા વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

## શહેરના સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનની મળેલ સાધારણ સભામાં

# અમરેલીની જીઆઈડીસીના પ્રમુખપદે દિનેશભાઈ ભુવાને જવાબદારી સોંપાઈ

**શીતલ આઈસ્ક્રીમ બ્રાન્ડને વિદેશ સુધી પહોંચતી કરનાર વ્યક્તિને યોગ્ય જવાબદારી મળી**

**ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી**

**જીઆઈડીસીના માટે જરૂરી પગલાઓ ભરવા માટે નવનિયુક્ત પ્રમુખે ખાત્રી ઉચ્ચારી**

**સાધારણ સભામાં મોટી સંખ્યામાં શહેરના ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યાં હતા**







અમરેલી, તા.૧૩

અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની સાધારણ સભા યોજાઈ હતી. આ સાધારણ સભામાં જી.આઈ.ડી.સીની.નવી પેનલની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે દિનેશભાઈ ડી ભુવા (મેનેજીંગ ડાયરેકટર – શીતલ આઈસ્ક્રીમ) ની નિમણુંક કરવામાં આવી. ઉપપ્રમુખ પદે કનુભાઈ એસ ગોજારિયા, મંત્રી પદે બિપીનભાઈ એચ ગજેરા તથા ખજાનચી તરીકે અશોકભાઈ કે.જાવિયા ની નિમણુંક કરવામાં આવી. આ સાથે નવા ટ્રસ્ટી મંડળમાંથી હિતેષભાઈ ચંદારાણા, રસિકભાઈ પાથર, ભીખુભાઈ ડોડીયાનો સમાવેશ કરવામાં આવ્યો. નવા કારોબારી સભ્યો તરીકે જયવંતભાઈ ફીણાવા, અરજણભાઈ શીંગાળા, હિમ્મતભાઈ ખણેસા, વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, પ્રવીણભાઈ ફીણાવા, ચંદુભાઈ ચાવો, સંજયભાઈ પરીખ, બાબુભાઈ ગોલ, ચંદુભાઈ કાથરોટીયા, અશોકભાઈ બાવળવા, રિદ્ધેશભાઈ નાકરાણી, વિનુભાઈ મેતલીયા, ચંદુભાઈ ખણેસા, દિલીપભાઈ ભાલાળા, શશિકાન્તભાઈ રાજાની નિમણુંક કરવામાં આવી.

આ સાધારણ સભામાં રણછોડભાઈ કુકડીયા, મુષતભાઈ લુપા, હિરેનભાઈ વસાણી, સંજયભાઈ નવિયા, રમેરાભાઈ કાવઠીયા, નાથાલાલ ભંડેરી, વિનાયકભાઈ કાબરિયા, વિરલભાઈ ચાંગેલા, શ્યામભાઈ ચિત્રોડા, રમેશભાઈ ચિત્રોડા, સુરેશભાઈ વામજા, વિશ્વરાજભાઈ ગોહિલ, જીગ્નેશભાઈ ઝાલાવડિયા, સુજીતભાઈ પટેલ, ધ્રુવભાઈ ગોલ, જગદીશભાઈ બાબરીયા, ઓધવજીભાઈ વાઘાણી, વજુભાઈ કુંડારીયા, અશ્વિનભાઈ ઝાલાવડીયા, ફિરોઝભાઈ મોગલ, ફિરોઝભાઈ લીલા, ધર્મેન્દ્રભાઈ વામજા, અશ્વિનભાઈ ખુંટ, હરેશભાઈ પોકાર, આશિષભાઈ મકવાણા, ભરતભાઈ કાબરિયા, બાબુભાઈ રાઠોડ, વિશાલભાઈ ખંભાયતા, અરૂણભાઈ આદ્રોજા, ભરતભાઈ ગોર, અશોકભાઈ કારિયા, રાજુભાઈ વાળા, પ્રતિકભાઈ વઘાસીયા, સાગરભાઈ કરકર, રફીકભાઈ કાજી ઉપસ્થિત રહ્યા હતા.

નવા હોદેદારો જીઆઈડીસીના તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે. તથા આગામી સમયમાં જીઆઈડીસીના વિકાસ માટે તમામ જરૂરી પગલાઓ લેવા માટે સંપૂર્ણ ખાતરી આપે છે.

# ખાંભામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે નાનુડી નદીની સમુહ સફાઈ યોજાઈ

ખાંભા, તા.૧૩

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ખાંભાના આસ્થાના પ્રતીક એવા પ્રસિદ્ધ શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં આવેલી પવિત્ર નાનુડી નદી ખાતે વિશાળ સમૂહ સફાઈ અભિયાનનું સરાહનીય આયોજન કરવામાં આવ્યું હતું.

'ધર્મ અને સેવાના કાર્યમાં સૌ જોડાઈએ ના ભાવ સાથે યોજાયેલા આ સ્વચ્છતા અભિયાનમાં ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા તથા સમગ્ર પોલીસ સ્ટાફ તેમજ એડવોકેટ રાજુભાઈ હરીયાણી સહિત ખાંભાના સેવાભાવી યુવાનો અને શિવભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.

શિવભક્તોએ સૌ સાથે મળીને નાનુડી નદીના કિનારા તેમજ આસપાસના વિસ્તારમાંથી કચરો દૂર કરી નદીની પવિત્રતા અનેસ્વચ્છતા જાળવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. પોલીસ પ્રશાસન અને સ્થાનિક સેવાભાવી યુવાનોની આ અનોખી પહેલ તથા સમર્પણ ભાવનાને ખાંભાની જનતા દ્વારા ખૂબ બિરદાવવામાં આવી છે. શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક સ્થળો અને નદી – તળાવોની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સૌએ સહભાગી થવાનો સંદેશ પણ આ અભિયાન દ્વારા આપવામાં આવ્યો હતો.

# બાબરામાં ૧૫ ઓગષ્ટે આમ આદમી પાર્ટીની બાઈક રેલી યોજાશે

બાબરા, તા. ૧૩

દેશના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને વધુ ભવ્ય અને જનભાગીદારી સભર બનાવવા ૯૬–લાઠી વિધાનસભા આમ આદમી પાર્ટી દ્વારા બાબરા શહેર ખાતે ૧૫ ઓગસ્ટના રોજ ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વાતંત્ર્ય પર્વના અવસરે યોજાનારી આ રેલીને આમ આદમી પાર્ટી દ્વારા દેશભક્તિ સાથે સંગઠનની એકતા, કાર્યકરોની તાકાત અને જનહિતના સંકલ્પના પ્રદર્શન તરીકે આયોજિત કરવામાં આવી રહી છે.

તાપડિયા આશ્રમ પાસે બા બરા ખાતે સવારે ૯ કલાકે બાઈક રેલીનો પ્રારંભ થશે. રેલીમાં ૯૬–લાઠી વિધાનસભા વિસ્તારના 'આપ'ના આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાય તેવી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

સ્વાતંત્ર્ય પર્વ માત્ર ઉજવણીનો દિવસ નહીં પરંતુ દેશ માટે જવાબદારી અને લોકશાહી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરવાનો અવસર છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા દેશભક્તિ સાથે લોકશાહી અને જનહિતના સંકલ્પને આગળ ધપાવવાનો સંદેશ આપવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ૯૬–લાઠી વિધાનસભા આમ આદમી પાર્ટી દ્વારા સંગઠનના તમામ સાથી મિત્રો તથા કાર્યકરોને પોતાના મિત્રોસાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાઈક રેલીને ભવ્ય સફળ બનાવવા હાકલ કરવામાં આવી છે.

## ૪૦ દર્દીઓના ફેકોમશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૩મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

**૧૧૫ દર્દીઓ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પનો લાભ લીધો**



ચલાલા, તા. ૧૩

ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૯૩મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું ચાડીયા તથા સરકારી હોમિયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી.

આ કેમ્પનો શુભારંભ પ.પૂજય સંત ડો. રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય, બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી સાથે વ્યસન મુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી.

શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૪૦ દર્દીઓને શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી.

– નેત્રયજ્ઞમાં અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવી.

– દંતયજ્ઞમાં ડો. ઈશાબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યેપૂરી આપવામાં આવી.

(આનાથી મોટાનું ચિન) આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ તેમજ ડો.આરતીબેન એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

## અમેરિકા સ્થિત હિતેનભાઈ ભુતાના કરકમળ દ્વારા

# અમરેલીનાં પાંજરાપોળ ગૌશાળામાં પશુ દવાખાનાનુ ખાતમુહૂર્ત કરાયુ

**અંધશાળાની પણ મુલાકાત કરવામાં આવી**




લીલીયા મોટા, તા. ૧૩

પાંજરાપોળ ગેશાળામાં એક હજાર) કરતા અધિક ગૌમાતા– ગૌવંશ તેમજ અન્ય પશુધન સાચવે છે, તાઃ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ પશુ દવાખાનાનું ભૂમિ પૂજન ભુમ્ભલી ગામના વતની અમુલ્ય રતન સમા એવા હિતેનભાઈ ભુતાના કર કમળ દ્વારા કરવામાં આવ્યું તેમજ પશુ દવાખાનાનું ભૂમિ પૂજન કરેલ ત્યારબાદ અંધશાળામાં મુલાકાત કરી તેમજ અંધશાળા વિવિધ વર્ગો જેમાં કોમ્પ્યુટર, સંગીત, વણાટ, કેન નાયલોન અને કોયલ (પાઈપ) વર્ક, બ્રેઈલ લીપી, બુક બાઈડીંગ,મોટર રીવાઈડીંગ તેમજ મસાજ વર્ગ ની મુલાકાત લઈ અંધશાળાના વિકાસ માટે એઆઈ ટેકનોલીજી સાથે જોડવ અને પ્રગતિ કરો તેવું માર્ગદર્શન આપેલ,ત્યારબાદ અમરેલી જીલ્લાની એક માત્ર નિશુલ્ક મંદબુદ્ધિની છાત્રાલય અને ટ્રેનીગ સ્કુલની પણ મુલાકાત લીધી તેમાં બાળ કોને સમજ શક્તિ માટે માર્ગદર્શન આપેલ,પૂર્વ શિક્ષક ફોર્વર્ડ સ્કુલના છગનભાઈ ફીણવીયાના માર્ગદર્શનથી સુરેશભાઈ તથા ભાનુબેન પટેલ (યુએસએ) તેમના તરફ થી તેમના માતાપિતાના મોક્ષાર્થે બંને સંસ્થાને ભોજન આપવામાં આવેલ તેમજ સ્કુલ બેગ મંદબુદ્ધિ ના બાળકોને અને વોટર બેગ અંધશાળાના બાળકોને હિતેનભાઈ દ્વારા આપેલ, અંધશાળ ના વિધાર્થી મારફત સ્વાગત ગીત તેમજ મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી ગીત સાંભળીને તેઓ ભાવ વિભોર થયા, હિતેનભાઈ પોતાના પ્રવચનમાં સંસ્થા ની પ્રગતિ માટે શુભેચ્છા આપી અને માર્ગદર્શન આપેલ અને ત્રણેય સંસ્થા ની કામગીરીને બિરદાવી હતી આ પ્રસંગે ટ્રસ્ટી વર્ષીલભાઈ ગાંધી તથા અન્ય મહાનુભાઓ અશોકભાઈ સંઘવી હિરેનભાઈપરીખ સુરેશભાઈ સોની– અમરીશભાઈ ગાંધી– અનિલબાઈ કાણકિયા તથા વસંતભાઈ પોકળ નીતિનભાઈ પારેખ તેમજ કર્મચારીગણ હિતેનભાઈને અંધશાળાના બાળકો અને મંદબુદ્ધિના બાળ કો તથા દિલીપભાઈ પરીખ દ્વારા સન્માનપત્ર એનાયત કરેલ, આ સમગ્ર સંચાલન ટ્રસ્ટી દિલીપભાઈ પરીખ દ્વારા કરવામાંઆવેલ,તેમજ એનકરીગ અંધશિક્ષક તુલસીદાસએ કરેલ.યુએસએ થી હિતેનભાઈ ભુતાને અમરેલી ખાતે લાવવા અથાગ પ્રયત્ન કરનાર મુંબઈથી મુકેશભાઈ મહેતા તથા દીપકભાઈ પારેખ તેમજ ચન્દ્રકાન્ત ભાઈ સંઘવીનો આભાર માનેલ.

## રક્ષાબંધનના પર્વને લઈને નિર્ણય

# અરે વાહ : અમરેલીના પોસ્ટ વિભાગ દ્વારા 'રાખી મેઈલ'પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ

**સાંજના ૬:૩૦ થી રાત્રિનાં ૧૧:૩૦ સુધી વિશેષ સેવા**

અમરેલી, તા.૧૩

આવનાર રક્ષાબંધન પર્વ રક્ષાબંધન નિમિતે, લોકો ભારતીય ટપાલ વિભાગની સ્પીડ પોસ્ટ દ્વારા પોતાના રાખડી તથા અન્ય ભેટને મોકલી શકે તેવા વિભાગ દ્વારા 'રાખી મેઈલ' પર ૧૦% નું વિશેષ ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય જાહેર કરવામાં આવી રહ્યો છે. આ યોજના મુજબ દેશના તમામ નાગરિકોને સસ્તી, ઝડપી અને સુરક્ષિત રીતે રાખડી પહોંચાડવાની છે. આ યોજના સમગ્ર દેશમાં ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ થી અમલમાં આવી ગઈ છે અને રક્ષાબંધનના તહેવાર સુધી વિવિધ પોસ્ટ ઓફિસમાં લાગુ કરી દેવામાં આવશે.

આ યોજનાનો લાભ લોકો સરળતા થી લઈ શકે તે માટે ટપાલ વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મોડી રાત્રે અથવા અનુકૂળ સમયે રાખડી બુક કરવા ઈચ્છતા નાગરિકો માટે (Amreli Sorting Office) પોસ્ટ ઓફિસ ખાતે સાંજે ૧૮:૩૦ થી ૨૩:૩૦ કલાક સુધી કાઉન્ટર પર વિશેષ સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્પીડ પોસ્ટ (ડોકયુમેન્ટ) આર્ટિકલ્સ તરીકે બુક કરવામાં આવતી રાખડી પર જ મળવા પાત્ર રહેશે અને તે માત્ર મૂળ પોસ્ટ ચાર્જ પર જ લાગુ પડશે. આ સુવિધાનો લાભ લેવા માટે ગ્રાહકોએ રાખડી કરતી વખતે આગળના ભાગ પર સ્પષ્ટ રીતે 'Rakhi Mall' લખવું પડશે. રાખી મોકલનાર ગ્રાહક ઓપરેટર રાખડાના કવર ખોલ્યા વિના, માત્ર બહારથી જ પ્રત્યક્ષ તપાસ કરીને ખાતરી કરશે કે તેમાં રાખડી જ મોકલેલ છે.

ટપાલ વિભાગ દ્વારા હાલમાં જણાવવામાં આવ્યું છે કે આ યોજનાનો હેતુ એક ગ્રાહક એક સમયે વર્ષમાં વધુમાં વધુ (૫– સ્પીડ) પોસ્ટ આર્ટિકલ્સ બુક કરાવી શકશે. આ ડિસ્કાઉન્ટ માત્ર પોસ્ટ ઓફિસના કાઉન્ટર પરથી સ્પષ્ટ કરવામાં આવતી રિટેલ બુકિંગ માટે જ માન્ય રહેશે. ભારતીય ટપાલ વિભાગ તમામ નાગરિકોને અનુરોધ કરે છે કે, રક્ષાબંધનના પર્વ નિમિત્તે પોતાના ભાઈ–બહેનને રાખડી સુરક્ષિત અને સમયસર પહોંચાડવા ઈચ્છતા હોય તો પોતાની નજીકની કોઈ પણ પોસ્ટ ઓફિસની મુલાકાત લે અને આ વિશેષ ડિસ્કાઉન્ટ યોજનાનો મહત્તમ લાભ ઉઠાવે.

ઓફિસ : Amreli Sorting Office (RMS), Head Post Office building amreli

## રાજયમંત્રી કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવા મશાલ યાત્રા યોજાય

**શહેરનાં નાગરિકો પણ મોટી સંખ્યામાં જોડાયા**



અમરેલી, તા. ૧૩

સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેરમાં દર વર્ષની પરંપરા મુજબ શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે એક વિશાળ મશાલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. શહેરના વિવિધ સંગઠનો સંયુકત ઉપક્રમે યોજાયેલી આ મશાલ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા.

આ મશાલ યાત્રા સેન્ટર પોઈન્ટથી પ્રારંભ થઈ અને આ મશાલ યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ ડોકટર જીવરાજ મહેતા ચોકમાં આવેલ શહીદ સ્મારક ખાતે આવી પહોંચી હતી. જયાં શહીદોની યાદમાં શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

મશાલ યાત્રા દરમિયાન દેશભકિતના નારા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતુ. સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશ માટે બલિદાન આપનારા શહીદોના ત્યાગ અને શૌર્યને યાદ કરી નાગરિકોએ તેમને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. દર વર્ષની પરંપરાને જાળવી રાખતી આ મશાલ યાત્રા અમરેલી શહેરમાં દેશભકિતના માહોલને વધુ પ્રબળ બનાવતી જોવા મળી હતી.

રાજ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ રાજકોટના મગજ, મણકા તથા કરોડરજ્જુના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર-અમરેલીમાં તારીખ : ૧૪/૦૮/૨૦૨૬ શુક્રવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦
મગજની તકલીફો
❖ અકસ્માત/ઈજા ❖ મગજની ગાંઠ / સતત માથામાં દુ:ખાવો
❖ હેમરેજ ❖ મગજમાં પાણી ભરાવું ❖ એપિલેપ્સીની સારવાર
❖ ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા (ચહેરા પર કરંટ જેવા ઝટકા આવવા)
❖ ચહેરાનો એક બાજુનો ભાગ ખેંચાવો (હેમિફેશિયલ સ્પાસમ HFS )
કરોડરજ્જુની તકલીફો
❖ કમરમાં દુ:ખાવો ❖ ગરદનમાં દુ:ખાવો
❖ મણકાની ઈજાઓ ❖ ગાદીમાં ઘસારો ❖ સાયટીકાની તકલીફ
24/7 Emergency Services
ડો. પુનિત આર. ત્રિવેદી
ન્યુરો & સ્પાઈન સર્જન
ફેલો ઇન એપીલેપ્સી, બ્રેઇન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી,
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 98793 18088

## ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં અધ્યક્ષસ્થાને

# અમરેલીમાં ૩૦૦ મીટરનાં વિશાળ તિરંગા સાથે યાત્રા યોજાઈ

**સમગ્ર પંથક ભારત માતાનાં જયઘોષથી ગુંજી ઉઠયું : અનેરો ઉત્સાહ**

**પોલીસ જવાનોનાં દિલધડક બાઈક સ્ટંટે સર્જ્યુ આકર્ષણ**

**તિરંગા યાત્રામાં ૧૦ હજારથી વધુ નાગરિકોએ જોડાઈને દેશભક્તિનો પરિચય આપેલ**

**પોલીસ જવાનોની સાહસિકતાને શહેરીજનોએ તાલીઓની ગુંજથી વધાવી લીધી**



અમરેલી, તા. ૧૩

રાજયકક્ષાના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે આજે અમરેલી શહેરમાં ઊર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભક્તિના રંગે રંગાયેલા અમરેલી શહેરમાં યોજાયેલી આ યાત્રામાં ૧૦ હજારથી વધુ નાગરિકો, યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉત્સાહભેર જોડાયા હતા.

પોલીસ પરેડ મેદાનથી પ્રારંભ થયેલી આ તિરંગા યાત્રામાં ૩૦૦ મીટર લાંબો વિશાળ તિરંગો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. હાથમાં તિરંગા અને હૃદયમાં રાષ્ટ્રભકિત સાથે મોટી સંખ્યામાં નાગરિકો યાત્રામાં જોડાયા હતા. ભારત માતાના જયઘોષ અને દેશભકિતના નારાઓથી સમગ્ર અમરેલી શહેરનું વાતાવરણ રાષ્ટ્રભાવનાથી ગુંજી ઉઠયું હતું.

યાત્રાના માર્ગ અમરેલી નગરપાલિકા, રાજકમલ ચોક, ટાવર રોડ, બજાર, નાગનાથ મંદિર સહિતના વિવિધ સ્થળોએ નાગરિકોએ ઉત્સાહભેર તિરંગાનું અભિવાદન કર્યું હતું. યાત્રામાં દેશભકિતના ગીતો અને રાષ્ટ્રપ્રેમના નારાઓ સાથે અમરેલીની ધરતી પર એકતામાં અનેકતાનું અદભુત દ્રશ્ય સર્જાયું હતું.

આ પ્રસંગે ગુજરાત પોલીસના જવાનો દ્વારા રજૂ કરવામાં આવેલા દિલધડક બાઈક સ્ટંટે ઉપસ્થિત સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પોલીસ જવાનોની સાહસિકતા, કૌશલ્ય અને શિસ્તના પ્રદર્શનને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના અવસરે યોજાયેલી આ ભવ્ય તિરંગા યાત્રાએ અમરેલીમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી વિકાસ વરસાદ વચ્ચે ગાંડો થયો



અમરેલીમાં વરસતા વરસાદ વચ્ચે ડામર રોડનું કામ શરૂ થતાં શહેરીજનોમાં રોષની સાથે આશ્ચર્યનો માહોલ જોવા મળી રહ્યો હતો અને જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો વરસતા વરસાદનાં પાણી વચ્ચે દુરૂપયોગ થતો જોવા મળ્યો હતો.

### જમીનનાં મનદુ:ખનાં કારણે

## ચલાલામાં મારી નાખવાનાં ઈરાદે ખેડૂત ઉપર એક્ટિવા ચડાવવાનો પ્રયાસ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૩

ચલાલા ગામે રહેતા ખેડુતની ખેતી લાયક વાડી કરેણ ગામમાં આવેલ હોય. જે વાડીની બાજુમાં ગોંડલ ગામે રહેતા આરોપીની વાડી આવેલ હોય. જે બાબતે આરોપીએ ખેડૂતને જમીનમાં વાવેતર નહિ કરવા તથા ટ્રેકટર નહિ ચલાવવા બાબતેની ગર્ભિત ધમકી આપેલ હતી. આ અંગે ખેડૂત ચલાલા પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા આવેલ હતા ત્યારે આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી, ચલાલા પોલીસ સ્ટેશનની ગેઈટની બહાર જાહેર રોડ પર મીઠાપુર (ડુંગરી) ગામે રહેતા આરોપીએ ફોરવ્હીલ ગાડી પુરઝડપે અને બેફામ રીતે ચલાવીને ખેડૂતને મારી નાખવા ઈરાદે, ખેડૂતની

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location :
Amreli, Gujarat.
APPLY NOW

### ખેતરમાં ખડ નીંદતી હોય તે સમયે

## અમરેલીનાં દહિડા ગામે રહેતી પરિણીતાનું વીજશોક લાગવાથી મોત

**નાના એવા ગામમાં શોકનો માહોલ**

અમરેલી, તા. ૧૩

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના દહીડા ગામે બાબુભાઈ વાઘજીભાઈ હપાણીની વાડીએ રહેતી નાનબાઈ ધાવુભાઈ મંડોડીયા નામની ૧૭ વર્ષિય પરિણીતા ગત તા.૧૨ ના રોજ સવારના આશરે દસેક વાગ્યા દરમ્યાન દહીડા ગામે વાડી–ખેતરે આવેલ સબ સ્ટેશની બાજુમાં ખડ નીંદતી હતી. ત્યારે તે વખતે બાજુમાં આવેલ ઈલેકટ્રીકનો ખુલ્લો વાયર પડેલ હતો તે વાયરને તેણીના ડાબા હાથની ટચલી આગળી ઉપર ભુલથી અડી જતા ઈલેકટ્રીક શોટ લાગતા નાનબાઈ ધાવુભાઈ મંડોડીયા નામની પરિણીતાનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વ્હેલી સવારથી જ ઘટાટોપ વાદળો છવાયા

## અમરેલી, બાબરા પંથકમાં ધીમી ગતીએ વરસાદનું આગમન : ખેડૂતોમાં ખુશી

**ખરિફ પાકને રીમઝીમ વરસાદથી ફાયદો**

બાબરા, તા. ૧૩

અમરેલી અને બાબરા પંથકનાં આજે વ્હેલી સવારથી મેઘાવી માહોલ છવાયા બાદ અવાર–નવાર ધીમીગીતીએ વરસાદ પડતા ખરિફ પાકોને ફાયદો થવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ

બાબરા શહેર ઉપરાંત પંથકના ચમારડી, ઉટવડ, કોટડાપીઠા, ચરખા, નવાણિયા સહિતના ગામોમાં

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)